PRGI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 351
Dt.: 26-10-2026,
Monday
Page:04
Rs.00.50 paisa

પ્રધાનમંત્રી મોદીની વોકલ ફોર લોકલની અપીલ

ભારતીય ખેડૂતો માટે નવા બજારો ખૂલી રહ્યા છેઃ PM મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશ-વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કર્યા. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૩૯મો એપિસોડ હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું કે આજથી ૧૨ વર્ષ પહેલા આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમણે લોકોને સંબોધિત કરતા કહ્યું કે, મારી આ યાત્રા સતત આગળ વધી રહી છે અને આ યાત્રાના સહયાત્રી અને માર્ગદર્શક તમે બધા છો. વડાપ્રધાન મોદીએ કહ્યું, "મારા માટે મન કી બાત એ આપણા દેશના લોકોના પરિશ્રમ, શૌર્ય, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સેવાભાવનાની ગૌરવગાન કરવાનો શુભ અવસર રહ્યો છે. મારા માટે મન કી બાત એક તીર્થયાત્રા સમાન છે. છેલ્લા ૧૨ વર્ષોમાં દેશના ખૂણેખૂણેથી એવા અનેક લોકો સામે આવ્યા છે, જેમનું અસાધારણ યોગદાન ઘણીવાર સમાજની નજરમાં આવતું નથી. મન કી બાત એ આવી અસંખ્ય પ્રેરણાદાયી કહાનીઓને તમારા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે."

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, "આપણા દેશમાં અનેક પરંપરાગત કૌશલ્યો છે, જે પેઢીઓથી આપણી ઓળખનો હિસ્સો રહ્યા છે. એ જોઈને આનંદ થાય છે કે આ પરંપરાઓને હવે નવા અભિગમો સાથે જોડવામાં આવી રહી છે અને તેને આજના સમયને અનુરુપ આગળ ધપાવવામાં આવી રહી છે. પંજાબમાં પણ આવો જ એક પ્રયાસ લાંબા સમયથી ચાલી રહ્યો છે, જ્યાં ખેતી વિરાસત મિશન નામની એક સંસ્થાએ જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓમાં નવા પ્રાણ ફૂંકવાનું શરૂ કર્યુ છે. આ ટીમના લોકો પંજાબના માલવા ક્ષેત્રમાં કપાસની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માંગતા હતા. આ પહેલને નવ-ત્રિંજન નામ આપવામાં આવ્યું છે."

તેમણે વધુમાં કહ્યું, "આ પહેલ હેઠળ કોઈપણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કર્યા વગર જૈવિક (ઓર્ગેનિક) કપાસ ઉગાડવામાં આવે છે. તેઓ એવા કપાસની ખેતી પણ કરે છે જેમાં કુદરતી રંગો હોય છે, જેના કારણે તેમાંથી બનતા સૂતર કે કાપડને રંગવા માટે વધારાના કેમિકલોની જરૂર પડતી નથી. તમે કલ્પના કરી શકો છો કે પર્યાવરણને આનાથી કેટલો મોટો લાભ થાય છે. સાથીઓ, થોડા વર્ષો પહેલા નવ-ત્રિંજન દ્વારા વણાટ કામ શીખવતી એક શાળા પણ શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય વણાટ કળાને આવનારી પેઢી સુધી પહોંચાડવાનો છે. આ શાળાએ પણ ઘણી મહિલાઓની જિંદગી બદલી નાખી છે. તેમણે વધુમાં ઉમેર્યું, "પ્રકૃતિનો આદર કરવાની આપણી જૂની પરંપરા છે. આપણા પૂર્વજોએ આપણને શીખવ્યું છે કે આપણી આસપાસ સ્વચ્છતા જાળવવી અને જળ સ્ત્રોતોની સંભાળ રાખવી એ આપણી પોતાની જવાબદારી છે. મને એ જોઈને આનંદ થાય છે કે દેશભરમાં ઘણા લોકો આ ભાવનાને પોતાના જીવનમાં અપનાવી રહ્યા છે. આવી જ ભાવના ઉત્તરાખંડના ટેહરી ગઢવાલમાં જોવા મળે છે, જ્યાં સ્થાનિક સમુદાયે એકજૂથ થઈને હેવાલ નામની નદીમાં નવો પ્રાણ ફૂંક્યો છે." **PM** મોદીએ કહ્યું કે, "થોડા સમય પહેલા હેવાલ નદીમાં પાણીનું સ્તર ઘટવા લાગ્યું હતું અને નજીકના કુદરતી જળ સ્ત્રોતો સુકાઈ રહ્યા હતા. તેથી સ્થાનિક વહીવટીતંત્ર અને ગ્રામજનોએ નદીને બચાવવા માટે એક અભિયાન શરૂ કર્યું. તેમણે વરસાદી પાણીનો સંગ્રહ કરવા અને ભૂગર્ભ જળ સ્તર વધારવા (ગ્રાઉન્ડ વોટર રિચાર્જ) માટે પગલાં લીધાં, તેમજ મોટી સંખ્યામાં વૃક્ષો વાવ્યા. આજે આ પ્રયાસોને કારણે હેવાલ નદીને નવું જીવન મળ્યું છે અને ડઝનબંધ કુદરતી જળ સ્ત્રોતો પણ પુનર્જીવિત થયા છે."

નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, "આ તહેવારોની સિઝનમાં તમે તમારી આસપાસ એક બદલાવ જોયો હશે, લોકો હવે ખરીદી કરતી વખતે સ્વદેશી ઉત્પાદનોને વધુ મહત્વ આપી રહ્યા છે. વોકલ ફોર લોકલની આ ભાવના હવે આપણા ઉત્પાદનોને વૈશ્વિક બજારો સુધી પહોંચાડી રહી છે. ઉદાહરણ તરીકે, બિહારના પૂર્ણિયાના મખાના હવે ગ્રીસ પહોંચી રહ્યા છે અને કર્ણાટકના કલબુર્ગીની અળદની દાળ માલદીવ જઈ રહી છે. એટલે કે ભારતીય ખેડૂતો માટે નવા વૈશ્વિક બજારો ખૂલી રહ્યા છે."

PM મોદીએ કહ્યું કે, "મહારાષ્ટ્રમાં આદિવાસી સમુદાયોએ પોતાના બનાવેલા ઉત્પાદનોના પેકેજિંગ પર ઘણું ધ્યાન આપ્યું છે. અહીં શબરી નેચરલ્સ દ્વારા મધ, મહુડા, ચિરોંજી અને વાંસમાંથી બનેલી વસ્તુઓ બજારમાં લાવવામાં આવી રહી છે. તેમના પેકેજિંગ પર આદિવાસી કળા જોવા મળે છે. તમને જાણીને આનંદ થશે કે આ પેકેજિંગને જાપાનનો પ્રતિષ્ઠિત ગુડ ડિઝાઈન એવોર્ડ મળ્યો છે. આપણા યુવાનો પણ આ ક્ષેત્રમાં નવા પ્રયોગો કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે, કર્ણાટકમાં એક બાંબુ (વાંસ આધારિત) સ્ટાર્ટઅપ, વાંસ અને ખેતીમાંથી નીકળતા કચરામાંથી પેકેજિંગ મટિરિયલ બનાવી રહ્યું છે. **PM** મોદીએ કહ્યું, "જ્યારે સ્થાનિક ઉત્પાદનોની વાત આવે છે, ત્યારે ખાદીનો ઉલ્લેખ થવો સ્વાભાવિક છે. આ વર્ષે માત્ર ગાંધી જયંતિના દિવસે જ ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોનું વેચાણ ૨૮ કરોડ રૂપિયાથી વધુ રહ્યું હતું. આ આંકડો ગયા વર્ષ કરતા ૧.૫ કરોડ રૂપિયા વધારે છે, જે દર્શાવે છે કે

ખાદીની લોકપ્રિયતા સતત વધી રહી છે. તેનો લાભ એવા લોકો સુધી પહોંચી રહ્યો છે, જેમની કુશળતા અને સખત મહેનતથી ખાદી અને હસ્તકલા જેવી વસ્તુઓ તૈયાર થાય છે." **PM** મોદીએ કહ્યું, "તહેવારોની સિઝનમાં, આપણે આપણા પરિવાર અને પ્રિયજનો માટે ઘણી વસ્તુઓ ખરીદીએ છીએ. આ વખતે પણ, જ્યારે તમે ખરીદી કરો ત્યારે સ્થાનિક કારીગરો દ્વારા બનાવેલી વસ્તુઓને પ્રાધાન્ય આપો. તમારી ખરીદી તેમનો ઉત્સાહ વધારશે. આ પ્રકારની આત્મીયતાની ભાવના વોકલ ફોર લોકલ અભિયાનને આગળ વધારશે. આ અભિયાન જેટલું વધુ વેગ પકડશે, તેટલી જ ઝડપથી આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર થશે. તેથી, હું તમને વ્યક્તિગત રીતે અનુરોધ કરું છું કે સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓને પ્રાધાન્ય આપો અને તેને મહત્વ આપો."

ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને પ્રોફેસર અશોક સેનને વિશ્વનો પ્રતિષ્ઠિત ઓસ્કર ક્લેન મેડલ ૨૦૨૬ મળ્યોઃ આ સન્માન મેળવનારા તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને પ્રોફેસર અશોક સેનને વિશ્વનો પ્રતિષ્ઠિત ઓસ્કર ક્લેન મેડલ ૨૦૨૬ મળ્યો છે. તેની સાથે આ સન્માન મેળવનારા તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા છે. બેંગ્લુરુના થિયોરેટિકલ ફિઝિસિસ્ટ અશોક સેન ભારતના ટોચના વૈજ્ઞાનિકોમાં એક છે. તેમના સ્ટ્રિંગ થિયરીમાં શાનદાર ફાળો આપવા બદલ આ મેડલ આપવામાં આવ્યો છે. સેન પહેલા ઘણા નોબેલ પુરસ્કાર વિજેતાઓ અને સ્ટીફન હોકિંગ તેમજ પીટર હિગ્સ જેવી મહાન હસ્તીઓને આ એવોર્ડ મળી ચૂક્યો છે. સ્ટ્રિંગ થિયરી પર પોતાના શાનદાર પ્રદાનને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા પ્રોફેસર સેન સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીમાં ગ્રેવિટી ફ્રોમ સ્ટ્રિંગ્સ એન્ડ સ્ટ્રિંગ્સ ફ્રોમ ગ્રેવિટી (ગુરુત્વાકર્ષણથી સ્ટ્રિંગ્સ અને સ્ટ્રિંગ્સથી ગુરુત્વાકર્ષણ) પર એક શાનદાર લેક્ચર આપ્યું હતું. અશોક સેન ટાટા ઈન્સ્ટિટયુટ ફોર ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર)ના ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સીઝમાં કામ કરે છે. તે વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એડવાન્સ બ્રાન્ચ છે. તેમને વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એક એડવાન્સ્ડ બ્રાન્ચ છે, જે બ્રહ્માંડના બધા રહસ્યોને યુનિફાઈડ થિયરી દ્વારા સમજવાનો પ્રયત્ન કરે છે. આઈસીટીએસના વિજ્ઞાની દીપક ધરે થોડા મહિના પહેલાં જ ડિરાક મેડલ મેળવ્યો તેના પછી પ્રોફેસર સેનને આ એવોર્ડ મળ્યો છે. દીપક ધર આ એવોર્ડ મેળવનારા સેન પછી બીજા ભારતીય વિજ્ઞાની બન્યા છે. સેનને ૨૦૧૨માં એકેડેમીમાં વિશ્વમાં સૌથી વધુ ઈનામી રકમવાળો પ્રથમ બ્રેકથ્રુ પ્રાઈઝ ઈન ફંડામેન્ટલ ફિઝિક્સનું ઈનામ પણ



મળી ચૂક્યું છે. તેની ઈનામી રકમ ફિઝિક્સના નોબલ ઈનામથી લગભગ ત્રણ ગણી છે. સેનને ૧૪ વર્ષ પહેલા મળેલા આ એવોર્ડમાં ૩૦ લાખ ડોલર એટલે કે લગભગ ૨૮ કરોડ રૂપિયા મળ્યા હતા. સેન કોલકાતાની બંગાળી માધ્યમથી અમેરિકા સુધી પહોચ્યા હતા. તેમણે ૧૯૭૫માં પ્રેસિડેન્સી કોલેજમાં બીએસસી સુધીનો અભ્યાસ પૂરો કર્યો હતો. તેના પછી તેમણએ આઈઆઈટી કાનપુરમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. આઈઆઈટી પછી તેમનું જીવન બદલાઈ ગયું. આગળના અભ્યાસ માટે તેમને અમેરિકાની સ્ટોનીબ્રુક યુનિવર્સિટીમાં એડમિશન મળ્યું હતું. અહીંથી તેમણે પીએચડી કર્યુ હતુ. તેમણે ફર્મિલેબ અને સ્ટેન્ફોર્ડ જેવી વિશ્વની ટોચની પ્રયોગશાળામાં રિસર્ચ કર્યુ. તેમની પાસે વિદેશમાં સારામાં સારી તકો હતી. જો તે ઈચ્છતા હોત તો અમેરિકામાં જ મોટા પગારવાળી નોકરી અને શાનદાર જીવન પસંદ કરી શક્યા હોત, પણ તેમણે માતૃભૂમિની સેવા કરવાનું પસંદ કર્યુ. તેથી તે અમેરિકાથી ભારત પરત આવ્યા.

બેંગ્લુરુ આવતા પહેલા સેને મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટયુટ અને પ્રયાગરાજમાં હરીશચંદ્ર રિસર્ચ ઈન્સ્ટિટયુટમાં પોતાનું રિસર્ચ કાર્ય કર્યુ હતું. પ્રયાગરાજમાં તે પોતાની સંસ્થામાં સાઈકલ પર જ આવતા જતા હતા. તે અત્યંત સાદગીસભર જીવન જીવે છે. તેમના પિતા ભૌતિક વિજ્ઞાનના શિક્ષક હતા. સેન કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હાજર નથી.

જજોની નિમણૂકમાં પૂર્વ CJI ચંદ્રચૂડ સરકારના ઈશારે ચાલતાઃ સુપ્રીમ કોર્ટના પૂર્વ જજનો ધડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સંજય કિશન કૌલની આત્મકથા વિધાઉટ ફિયર ઓફ ફેવર **(Without Fear of Favour)** એ દેશની સર્વોચ્ચ ન્યાયપાલિકા અને સરકારના આંતરિક સંબંધોના કાળા હસ્યોનો પર્દાફાશ કરી દીધો છે. આ પુસ્તકના ખુલાસાથી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

જસ્ટિસ કૌલના દાવા મુજબ, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ **(CJI)** ડી.વાય. ચંદ્રચૂડ જજોની નિમણૂકના મામલામાં સરકાર તરફ હંમેશા નરમ વલણ અપનાવતા અને સરકાર તરફી નિર્ણયો લેવાની કોશિશ કરતા હતા. પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડ કોલેજિયમની ઔપચારિક બેઠક મળતા પહેલા જ સરકાર સાથે અનૌપચારિક રીતે સંમતિ સાધવાના પ્રયાસો કરતા હતા, જેણે ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડી છે.

ડિસેમ્બર ૨૦૨૩માં રિટાયર્ડ જસ્ટિસ કૌલે લખ્યું છે કે સરકાર સાથે તાલમેલ બેસાડવાની પદ્ધતિને લઈને મારા અને તત્કાલીન **CJI** ચંદ્રચૂડ વચ્ચે મતભેદો હતા. કોલેજિયમની ચર્ચા અગાઉ સરકારને સામેથી મોકો આપવો એ એક ખતરનાક સંદેશ આપે છે, કારણ કે જ્યારે પણ ન્યાયતંત્ર નબળું પડે છે ત્યારે રાજકીય પક્ષો અને સરકાર પોતાની મનમાની ચલાવવાનો પૂરેપૂરો પ્રયાસ કરે છે. પુસ્તકમાં કોલેજિયમની બેઠકના ચોંકાવનારા કિસ્સાઓ બહાર આવ્યા છે. એકવાર જજોની છ ખાલી જગ્યાઓ ભરવાની હતી અને પાંચ નામો પર સહમતિ સધાઈ ચૂકી હતી, પરંતુ બેઠકમાં જતા સમયે અચાનક **CJI** ચંદ્રચૂડે એક છઠ્ઠું નામ આગળ ધર્યું, જેનો અન્ય જજોએ વિરોધ કર્યો હતો. જસ્ટિસ કૌલને શંકા ગઈ કે આ નામ સીધું સરકારના ઈશારે આવ્યું છે, અને **CJI** તેમને બાજુ પર લઈ જઈને સરકારને ફોન કરવા અંગે વિચારવા લાગ્યા હતા. જસ્ટિસ કૌલે સમયસૂચકતા વાપરીને તેમને અટકાવ્યા હતા.

આ ઉપરાંત, એક લઘુમતી સમુદાયના જજ ઉમેદવારની નિમણૂક વખતે સરકારે તેમની જાતિ અને ધાર્મિક પ્રતિનિધિત્વ પર વાંધાજનક સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે **CJI** ચંદ્રચૂડે સરકારની આ અયોગ્ય રજૂઆત સામે મૂકી ત્યારે જસ્ટિસ કૌલ એટલા ગુસ્સે ભરાયા કે તેઓ ફાઈલ બંધ કરીને કોલેજિયમની બેઠકમાંથી વૉકઆઉટ કરીને બહાર નીકળી ગયા હતા. જો કે, બાદમાં સરકારને ઝૂકવું પડ્યું હતું અને તે યોગ્ય જજની નિમણૂક કરવામાં આવી હતી.

જસ્ટિસ કૌલે પોતાની ૨૨ વર્ષની ન્યાયિક કારકિર્દીના આધારે કોલેજિયમ પ્રણાલીને અત્યંત અપારદર્શક, ખામીયુક્ત અને સરકારી દબાણની ગુપ્ત ગેલેરી ગણાવી છે.

તેમણે એવો પણ ખુલાસો કર્યો છે કે તેમના કાર્યકાળના અંતિમ દિવસોમાં કેવી રીતે મહત્ત્વના કેસો તેમની બેંચ પાસેથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા અને વરિષ્ઠ વકીલોના નામાંકનને જાણી જોઈને ટાળવામાં આવ્યા હતા.

એસ.જયશંકરે દુનિયાને આપી સ્પષ્ટ ચેતવણી

આતંકવાદ પર બેવડાં ધોરણો બંધ કરોઃ વિદેશ મંત્રી જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિદેશમંત્રી એસ. જયશંકરે ૨૫ ઓક્ટોબરે કહ્યું કે આતંકવાદનો ઉપયોગ કોઈ દેશની નીતિઓને આગળ વધારવાના સાધન તરીકે કરવો સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેને ક્યારેય યોગ્ય ઠેરવી શકાય નહીં કે તેના સમર્થનમાં કોઈ દલીલ આપી શકાય નહીં. જયશંકરે કહ્યું કે આતંકવાદનો ખતરો એટલા માટે યથાવત્ છે, કારણ કે તમામ દેશો ખરેખર તેને જરાય સહન નહીં કરવાની નીતિ અપનાવતા નથી. દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કોઈ દેશનું નામ લીધા વિના તેમણે કહ્યું કે આતંકવાદના ઈતિહાસમાંથી



ઘણા બોધપાઠ મળ્યા હોવા છતાં કેટલાક દેશો હજી પણ રાજકીય હિતોને પ્રાથમિકતા આપે છે.

ચિન્મય મિશનની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે શાંતિના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને એવા સમયે જ્યારે દુનિયાના વિવિધ ભાગોમાં સંઘર્ષ ચાલી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ‘‘ચાલો, શાંતિની અવિભાજ્યતા વિશે વિચારીએ. ક્યાંય પણ યુદ્ધ થાય તો તે દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો છે.’’ યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જ્યારે ભારત કહે છે કે સંવાદ અને કૂટનીતિ જ એકમાત્ર ઉકેલ છે, ત્યારે તે વૈશ્વિક ભાવનાને વ્યક્ત કરે છે. જયશંકરે કહ્યું, ‘‘આતંકવાદ શાંતિ માટેનો બીજો ઘાતક ખતરો છે. આતંકવાદનો ઉપયોગ કોઈ દેશની નીતિઓ અને ઉદ્દેશોને આગળ વધારવાના સાધન તરીકે કરવો સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેને ક્યારેય યોગ્ય ઠેરવી શકાય નહીં કે તેના સમર્થનમાં કોઈ દલીલ આપી શકાય નહીં. આ છતાં આતંકવાદ ચાલુ છે, કારણ કે તમામ દેશો ખરેખર તેને જરાય સહન નહીં કરવાનું વલણ અપનાવતા નથી. ઈતિહાસમાંથી આટલા બોધપાઠ મળ્યા હોવા છતાં કેટલાક દેશો હજી પણ રાજકીય હિતોને પ્રાથમિકતા આપે છે.’’ તેમણે કહ્યું કે તેથી દુનિયાએ આ સહિયારા ખતરા પ્રત્યે વધુ સજાગ થવું જોઈએ અને આતંકવાદનાં તમામ સ્વરૂપોનો સામનો કરવા માટે વધુ મક્કમ સંકલ્પ સાથે એકજૂથ થવું જોઈએ.

એર ઈંડિયાની સાઉદી જતી ફ્લાઈટ્સ ૭ નવે. સુધી સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સાઉદી અરબમાં સ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે. શનિવારે ફરીથી સાઉદી અરબને નિશાન બનાવવામાં આવ્યું. આ ઘટના પછી એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ એ મોટો નિર્ણય લીધો છે. જાણવા મળતી માહિતી અનુસાર સાઉદીના રિયાદ અને દમ્માામ જતી અને આવતી તમામ ફ્લાઈટ્સ ૭ નવેમ્બર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. એટલું જ નહીં જેદ્દા માટેની સેવાઓ પણ ૩૧ ઓક્ટોબર સુધી સ્થગિત રહેશે. પ્રવાસીઓ માટે રી બુકિંગ નો ઓપ્શન ઓપન કરી દેવામાં આવ્યો છે જેથી લોકો પોતાનું ૭ નવેમ્બર પહેલાનું બુકિંગ કેન્સલ થવા પર રિફંડ કે રીબુકીંગ કરી શકે. બીજી તરફ ભારત તરફથી સાઉદી અરબમાં ફસાયેલા ભારતીય નાગરિકો માટે શનિવારે નિર્દેશ પણ જાહેર કરવામાં આવ્યા હતા. ભારતે સાઉદી અરબની ફ્લાઈટ કેન્સલ થવાથી સાઉદીમાં ફસાયેલા નાગરિકો ખાસ કરીને ઉમરાના યાત્રીઓ માટે નિર્દેશ જાહેર કર્યા છે અને કહ્યું છે કે તેમને ઝડપથી ભારત પરત લાવવા માટે અધિકારીઓ સાથે વાતચીત શરૂ કરી દેવામાં આવી છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું છે કે જેદ્દા અને મક્કા માં ભારતીય નાગરિકોને જરૂરી સહાયતા પૂરી પાડવામાં દૂતાવાસ ૨૪ કલાક સક્રિય રહેશે. સંકટના આ સમયમાં સ્થાનિક સામુદાયિક સંગઠનો અને સ્વયંસેવકો પણ સહયોગ કરી રહ્યા છે. દુતાવાસ તરફથી કહેવામાં આવ્યું છે, પ્રભાવિત ભારતીયોને ભોજન, દવાઓ અને અન્ય જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. ફ્લાઈટ કેન્સલ થવાથી ભારતીયોને થયેલી સમસ્યા ખાસ કરીને વિઝા ની વેલીડીટી અને ફ્લાઈટ કેન્સલેશન સંબંધિત અન્ય સમસ્યાઓને દૂર કરવા માટે દૂતાવાસ સાઉદી અરબ તેમજ ઉમરા મંત્રાલય અને વિદેશ મંત્રાલયના સંપર્કમાં છે.

તંત્રી લેખ......

ભારતે અમેરિકા સામે પોતાના વલણમાં અડગ રહેવું જોઈએ

પહેલા યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પ્રત્યે દર્શાવવામાં આવેલી તાજેતરની નરમાઈ પુષ્ટિ કરે છે કે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં રાષ્ટ્રીય હિતો સર્વોપરી છે. નોંધનીય છે કે ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ભારત સાથે વેપાર કરાર સુધી પહોંચવાની ખૂબ નજીક છે, અને તે એક અનોખો કરાર હશે, પરંતુ તેમના પર કેટલો વિશ્વાસ મૂકી શકાય છે, જેમ કે તેમણે પહેલા કહ્યું છે. ટ્રમ્પની નીતિઓ અનિશ્ચિતતાનો સંકેત છે.

તેઓ ક્યારેક દેશો પર, સાથી દેશો પર પણ ભારે ટેરિફ અથવા પ્રતિબંધો લાદવાની ધમકી આપે છે, અને પછી પોતાના શબ્દો અને નિર્ણયોથી પાછળ હટી જાય છે. ભારતે પણ આ અનિયમિત અભિગમનો સામનો કર્યો છે. જોકે, ભારતે તેમના અનિયમિત વાણીકતા સામે સતત સંયમ અને મક્કમતા દર્શાવી છે, દબાણને વશ થવાનો ઈનકાર કર્યો છે. આમ કરીને, તેણે અમેરિકા અને વિશ્વને સંદેશ આપ્યો છે કે તે પોતાના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે દબાણને વશ નહીં થાય. આનો એક મહત્વપૂર્ણ પુરાવો એ છે કે ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવાના યુએસ દબાણને નમન કરવાનો ઈનકાર કર્યો છે. યુએસ ધમકીઓના જવાબમાં, ભારતે પુનરોચ્ચાર કર્યો કે તે તેના ઉર્જા હિતોનું રક્ષણ કરવા માટે શક્ય તેટલું બધું કરશે. આ છતાં, કેટલાક વિપક્ષી નેતાઓ, ખાસ કરીને રાહુલ ગાંધી, એ વાતનો ભય વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું છે કે મોદી સરકાર ટ્રમ્પ સમક્ષ ઝૂકી રહી છે અથવા તેમના દબાણ હેઠળ છે. કોણ જાણે છે કે તેઓ હવે શું કહેશે?

ટ્રમ્પનું નિવેદન કે તેઓ ભારત સાથે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા જઈ રહ્યા છે તે ચોક્કસપણે સકારાત્મક છે. તે પણ મહત્વપૂર્ણ છે કે તેમના વિદેશ પ્રધાને કહ્યું કે ભારત એક રિફાઈનિંગ સુપરપાવર છે. આનો અર્થ એ નથી કે અમેરિકા અચાનક ભારત પ્રત્યે ઉદાર બની ગયું છે, પરંતુ તે ઉર્જા સંકટનો સામનો કરી રહ્યું છે અને તેને ઉકેલવા માટે ભારતની મદદ માંગી રહ્યું છે. થોડા દિવસો પહેલા, અમેરિકા, જે ભારત સહિત પાંચ દેશો પર ખાસ કાયદો બનાવીને રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ૧૦૦% ટેરિફ લાદવાનું હતું, તે અચાનક પાછું હટી ગયું છે. આનું કારણ આંતરરાષ્ટ્રીય ઉર્જા સંકટમાં રહેલું છે. ઈરાન સાથે અમેરિકાના સંઘર્ષ અને રશિયાના તેલ સંસાધનો પર યુક્રેનના હુમલાને કારણે ઉદ્ભવેલી ઉર્જા કટોકટીએ અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં ચિંતા વધારી છે. ક્રૂડ ઓઈલ અને ગેસના વધતા ભાવે પણ યુએસ અર્થતંત્ર માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કર્યો છે, ખાસ કરીને એવા સમયે જ્યારે મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે. ઉર્જાના વધતા ભાવ પણ ટ્રમ્પની લોકપ્રિયતામાં ઘટાડો કરવામાં ફાળો આપી રહ્યા છે. ઉર્જા સંકટનો સામનો કરી રહેલા, અમેરિકાએ શોધ્યું કે ભારત પોતાને અને વિશ્વને રાહત આપી શકે છે. તેને આ સમજાયું કારણ કે ભારતની રિફાઈનરીઓ મોટા પાયે ક્રૂડ ઓઈલનું પ્રક્રિયા કરી શકે છે. આ કારણોસર, ભારત યુરોપ સહિત ઘણા દેશોમાં રિફાઈન્ડ તેલ નિકાસ કરી રહ્યું છે. રશિયા ભારત પાસેથી રિફાઈન્ડ તેલ ખરીદનારા દેશોમાંનો એક છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત વેનેઝુએલાના તેલ સંસાધનોમાંથી વધુ ક્રૂડ તેલ ખરીદે, તેને રિફાઈન કરે અને નિકાસ કરે. વેનેઝુએલાના ક્રૂડ તેલનું પ્રમાણ ઘણું વધારે છે, અને બહુ ઓછા દેશો પાસે તેને રિફાઈન કરવાની ક્ષમતા છે. ભારતની ઘણી રિફાઈનરીઓ વેનેઝુએલાના ક્રૂડ તેલને રિફાઈન કરવા સક્ષમ છે. વધુમાં, જ્યારે અમેરિકાએ વર્ષોથી નવી રિફાઈનરી બનાવી નથી, ત્યારે યુરોપિયન દેશોએ પોતાની ઘણી રિફાઈનરી બંધ કરી દીધી છે. પરિણામે, અમેરિકા સહિત અન્ય દેશો ભારત તરફ જોઈ રહ્યા છે.

મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્ય અને એઆઈસીસી ઓબ્ઝર્વર શ્રી મોહનભાઈ જોશી આજે સુરત સર્કિટ હાઉસ ખાતે વોટ બચાવ દેશ બચાવ ના કાર્યક્રમ માટે પધાર્યા હતાં ત્યાં ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ ના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી વૈષ્ણવ,મહામંત્રી સૈયદભાઈ શેખ,મહામંત્રી શૈલેષભાઈ પાઠક,મંત્રી રવિકુમાર સુરતી,સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ના મહામંત્રી મોહમફ ઈકબાલ શેખ વિગેરે શુભેચ્છા મુલાકાત લીધી.

શ્રી જોશી એ વાલ્મીકિ સમાજ ના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી હતી અને વાલ્મીકિ સમાજ નું મજબૂત સંગઠન બનાવવા અનુરોધ કર્યો હતો દિવાળી બાદ સુરત શહેર જિલ્લા ના વાલ્મીકિ સમાજ નું વિશાળ સંમેલન બોલાવવા નું નક્કી કરવામાં આવેલ છે.

(ફોટો અને અહેવાલ છગનલાલ મેવાડા)

૨૭ ઑક્ટોબર, ૨૦૨૬થી સુવિધા લાગુ થશે; ડિજિટલ ચુકવણી અને મોબાઈલ નંબર ફરજિયાત

ભારતીય રેલવેની વૈકલ્પિક મુસાફરી વીમા યોજનાનો લાભ હવે પીઆરએસ કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ મળશે

ભારતીય રેલવે દ્વારા હાલની વૈકલ્પિક મુસાફરી વીમા યોજનાનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત ૨૭ ઑક્ટોબર, ૨૦૨૬થી સમગ્ર ભારતીય રેલવે નેટવર્કમાં પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ આ સુવિધા ઉપલબ્ધ થશે. અત્યાર સુધી આ યોજના આઈઆરસીટીસી દ્વારા ઈ-ટિકિટ બુક કરાવનારા મુસાફરો માટે ઉપલબ્ધ હતી, જે હવે રેલવે આરક્ષણ કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ ખરીદનારા પાત્ર મુસાફરો માટે પણ લાગુ થશે. પશ્ચિમ રેલવેના પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક (PCCM-WR) શ્રી તરુણ જૈનના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ રેલવેના તમામ મંડળોમાં મુસાફરોને આ સુવિધાનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે વીમાની સુવિધા સંપૂર્ણપણે વૈકલ્પિક રહેશે. આ સુવિધા માત્ર એવા મુસાફરોને જ મળશે, જેઓ વીમાનો વિકલ્પ પસંદ કરશે, પોતાનો મોબાઈલ નંબર આપશે અને ડિજિટલ માધ્યમથી ચુકવણી કરશે. વીમાનું પ્રીમિયમ ટિકિટ ભાડા સાથે લેવામાં આવશે અને ટિકિટ ભાડું તથા પ્રીમિયમ બંનેની ચુકવણી માત્ર ડિજિટલ માધ્યમથી જ કરવાની રહેશે. લાગુ નિયમો અને શરતો અનુસાર, તમામ કર સહિત વીમાનું પ્રીમિયમ પ્રતિ મુસાફર માત્ર ૪૫ પૈસા છે. આ યોજના માત્ર ભારતીય નાગરિકો માટે ઉપલબ્ધ છે, જેમની ટિકિટ બુકિંગ સમયે કન્ફર્મ, આરએસી અથવા આંશિક રીતે કન્ફર્મ હોય. વીમાનો વિકલ્પ પસંદ કરવામાં આવે ત્યારે એક જ પીએનઆર હેઠળ બુક કરાયેલા તમામ પાત્ર મુસાફરોને વીમાનું કવર મળશે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં જે બાળકોની ટિકિટ બર્થ/સીટ વિના બુક કરવામાં આવી હોય, તેઓ વીમા હેઠળ આવરી લેવામાં આવશે નહીં. જ્યારે પાંચથી અગિયાર વર્ષની ઉંમરનાં બાળકો બર્થ સાથે અથવા બર્થ વિના પણ આ વીમા માટે પાત્ર રહેશે.

પૉલિસી હેઠળ આવરી લેવાયેલી રેલવે દુર્ઘટના અથવા અપ્રિય ઘટનાના કિસ્સામાં મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ દિવ્યાંગતા માટે રૂા.૧૦ લાખ, કાયમી આંશિક દિવ્યાંગતા માટે રૂા.૭.૫૦ લાખ સુધી અને ઈજાને કારણે હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર કરાવવાના ખર્ચ માટે રૂા.૨ લાખ સુધીનું વીમા કવર આપવામાં આવે છે. પૉલિસીના નિયમો અને શરતોને આધીન મૃતદેહના પરિવહન માટે રૂા.૧૦,૦૦૦નો લાભ પણ આપવામાં આવે છે. મુસાફરોને મુસાફરી વીમા અંગે પોતાનો વિકલ્પ પસંદ કરવાની સુવિધા આપવા માટે આરક્ષણ માંગણી ફોર્મમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલું ફોર્મ પશ્ચિમ રેલવેના તમામ પીઆરએસ કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કેન્દ્રો પર મુસાફરોને વીમા સુવિધા તેમજ તેના માટે ડિજિટલ ચુકવણી અને મોબાઈલ નંબરની આવશ્યકતા અંગે માહિતી આપવા માટે ઉદ્ઘોષણાઓ પણ કરવામાં આવશે. આરક્ષણ કર્મચારીઓ મુસાફરોને વીમાનો વિકલ્પ પસંદ કરવા અને નિર્ધારિત પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપશે. વીમા પૉલિસીની વિગતો મુસાફરના નોંધાયેલા મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે. મુસાફરોએ ટિકિટ બુકિંગ બાદ મળતી લિંકનો ઉપયોગ કરીને વીમા કંપનીની વેબસાઈટ પર નામાંકન સંબંધિત વિગતો ભરવાની રહેશે. મૃત્યુ સંબંધિત દાવાઓની ચુકવણી જાહેર કરાયેલા નોમિનીને કરવામાં આવશે. જો નોમિનીની વિગતો નોંધાવવામાં આવી ન હોય, તો કાયદેસરના વારસદાર પ્રમાણપત્ર અથવા ઉત્તરાધિકાર પ્રમાણપત્રના આધારે કાયદેસરના વારસદારોને વળતરની ચુકવણી કરવામાં આવશે. આ યોજનાના હાલના નિયમો અને શરતો પીઆરએસ કાઉન્ટર પરથી કરવામાં આવેલા બુકિંગ પર પણ લાગુ પડશે. વીમા પૉલિસી જારી કરવાની અને દાવાઓના નિકાલની જવાબદારી સંબંધિત વીમા કંપનીની રહેશે. આ સુવિધાનો લાભ લેવા ઈચ્છુક મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સુધારેલા આરક્ષણ માંગણી ફોર્મમાં વીમા માટેનો પોતાનો વિકલ્પ સ્પષ્ટપણે દર્શાવે.

સોમનાથ મંદિર ખાતે સફળ ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ મોડેલને હવે અંબાજી મંદિરમાં અપનાવાશે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજ્યનાં યાત્રાધામોમાં 'પ્રસાદ સાથે પ્રકૃતિનું જતન' થશે

ગાંધીનગર: શ્રી સોમનાથ મંદિર ખાતે ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગની સફળતા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) હવે આ મોડેલને શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં ટૂંક સમયમાં અમલમાં મૂકશે. આ પહેલનો હેતુ મંદિરમાં ધરાવવામાં આવતા પ્રસાદનાં પેકેજિંગમાંથી સિંગલ-યુઝ્ડ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાનો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID) પાસે તૈયાર કરવામાં આવેલા વિકલ્પોમાં શેરડીનાં વેસ્ટમાંથી બનાવવામાં આવેલા કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં કન્ટેનરનો સમાવેશ થાય છે.

આ પહેલનો હેતુ પ્લાસ્ટિક વેસ્ટને દૂર કરી યાત્રાધામોમાં ઈકો-ફ્રેન્ડલી વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ, પ્રસાદ વિતરણની પરંપરાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વને જાળવી રાખવાનો પણ પ્રયાસ છે.

આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણ પ્રત્યે સભાન જીવનશૈલી, જવાબદાર વપરાશ અને જનભાગીદારી દ્વારા પર્યાવરણને બચાવવાનો છે. તેમના આ વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતભરમાં નક્કર પર્યાવરણીય પગલાંઓ થકી મુર્તિમંત કરવામા આવે છે.

શ્રી સોમનાથ મંદિરમાં હવે પ્રસાદનું વિતરણ પ્લાસ્ટિકમુક્ત કાગળનાં બોક્સ અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં ડબ્બામાં કરવામાં આવે છે. આ નવી ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ વ્યવસ્થાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સોમનાથ મંદિરમાં દરરોજ આશરે ૪,૨૦૦ કિલોગ્રામ પ્રસાદનું વિતરણ લગભગ ૨૭,૭૦૦ બોક્સ દ્વારા કરવામાં આવે છે. પ્લાસ્ટિકનાં પાત્રોને દૂર કરી, ટકાઉ વિકલ્પોનો ઉપયોગ કરવાથી દર વર્ષે ૨૦૩ ટનથી વધુ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવી શકાશે.

અંબાજી મંદિરમાં સોમનાથ મોડેલનાં અમલની તૈયારી

સોમનાથ મંદિર ખાતે મળેલી સફળતાના આધારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં પણ આવી જ પેકેજિંગ વ્યવસ્થા અમલમાં મૂકશે.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, " અંબાજી મંદિરમાં સામાન્ય દિવસોમાં આશરે ૧૫,૦૦૦ પ્લાસ્ટિકનાં પ્રસાદ બોક્સનો ઉપયોગ થાય છે, જ્યારે તહેવારો અને વિશેષ પ્રસંગોએ તેની માંગમાં નોંધપાત્ર વધારો થાય છે. દર મહિને આશરે ૧૦ લાખ બોક્સનું વિતરણ કરવામાં આવે છે, જેના પરિણામે પેકેજિંગને કારણે અંદાજે ૧૧,૨૯૯.૫ કિલોગ્રામ પ્લાસ્ટિકનો કચરો પેદા થાય છે."

શ્રી અર્જુન મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું કે, " પ્રસાદ વિતરણમાં ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો અપવનાવવાથી અંબાજીમાં દર વર્ષે આશરે ૧૩૫.૬ ટન પ્લાસ્ટિકના કચરાને અટકાવી શકાશે. આ પેકેજિંગ વિકલ્પો પ્રસાદ વિતરણ માટે જરૂરી સ્વચ્છતા, કાર્યક્ષમતા અને સુવિધા જાળવી રાખવાની સાથે તેની સાંસ્કૃતિક ઓળખને પણ જાળવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે."

ધાર્મિક સંસ્થાઓ લોકોના વર્તનને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને GPCBએ પ્રસાદ ધરવાની અને લઈ જવાની પરંપરાગત પદ્ધતિમાં પર્યાવરણીય જવાબદારીને કેવી રીતે સામેલ કરી શકાય તે અંગે અભ્યાસ કર્યો હતો. આ પહેલનો હેતુ પરંપરાગત પ્લાસ્ટિકનાં પાત્રોને એવા પેકેજિંગથી બદલવાનો છે, જે પર્યાવરણને અનુકૂળ, સાંસ્કૃતિક રીતે યોગ્ય અને મંદિરની કામગીરી માટે વ્યવહારુ હોય.

NID દ્વારા પર્યાવરણમિત્ર પેકેજિંગ વિકલ્પો તૈયાર

યોગ્ય વિકલ્પો વિકસાવવા માટે GPCBએ અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID)ની ઈન્ટિગ્રેટેડ ડિઝાઈન સર્વિસિસની વ્યાવસાયિક ડિઝાઈન કન્સલ્ટન્સી હેઠળ મદદ લીધી હતી.

શ્રી સોમનાથ મંદિર અને શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં સ્થળ પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં શ્રદ્ધાળુઓની અવરજવર, પ્રસાદનો જથ્થો, પ્રસાદ બનાવવાની અને પેક કરવાની પ્રક્રિયા, સંગ્રહની સ્થિતિ, વિતરણની પદ્ધતિઓ તથા હાલની કચરા ઉત્પન્ન થવાની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

અભ્યાસમાં જાણવા મળ્યું કે તમામ જરૂરિયાતો માટે એક જ પ્રકારનું પેકેજિંગ યોગ્ય ન બની શકે. તાત્કાલિક ઉપયોગ માટેના પ્રસાદ માટે હલકાં અને જૈવવિઘટનક્ષમ પેકેજિંગની જરૂર હતી, જ્યારે ઘરે લઈ જવામાં આવતા અથવા લાંબા અંતર સુધી લઈ જવામાં આવતા પ્રસાદ માટે વધુ મજબૂત અને ટકાઉ પાત્રોની આવશ્યકતા હતી. આથી તાત્કાલિક ઉપયોગ, સામાન્ય રીતે ઘરે લઈ જવા અને વારંવાર ઉપયોગમાં લઈ શકાય તેવા પેકેજિંગ માટે અલગ-અલગ વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા હતા.

આ પ્રક્રિયાના પરિણામે પ્લાસ્ટિકમુક્ત કાગળનાં બોક્સ, મોલ્ડેડ શેરડીના બગાસનાં કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં ડબ્બા સહિતના વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા હતા. કાગળ અને બગાસમાંથી બનાવવામાં આવેલા પેકેજિંગનો ટૂંકા ગાળાના ઉપયોગ બાદ પર્યાવરણને અનુકૂળ રીતે નિકાલ કરી શકાય તે રીતે વિકાસ કરવામાં આવ્યો છે, જ્યારે ટીનનાં ડબ્બા ટકાઉ પાત્રો તરીકે તૈયાર કરવામાં આવ્યા છે, જેને શ્રદ્ધાળુઓ પોતાની પાસે રાખીને ફરીથી ઉપયોગમાં લઈ શકે છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળીએ જણાવ્યું કે, "પરંપરાગત પેકેજિંગને માત્ર બદલવા પૂરતી આ પહેલ મર્યાદિત નથી, પરંતુ તેનો હેતુ પર્યાવરણીય જવાબદારીને ધાર્મિક આચરણનો અભિન્ન હિસ્સો બનાવવાનો છે. અગ્રણી યાત્રાધામોમાં જૈવવિઘટનક્ષમ અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા વિકલ્પો રજૂ કરીને GPCB એ દર્શાવવા માગે છે કે વિચારપૂર્વકની ડિઝાઈન, સંસ્થાકીય પગલાં અને જનભાગીદારી દ્વારા પર્યાવરણને નોંધપાત્ર લાભ પહોંચાડી શકાય છે." આ પહેલ શ્રદ્ધાળુઓને વધુ ટકાઉ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે ધાર્મિક પરંપરાઓ પર્યાવરણ સંરક્ષણમાં કેવી રીતે યોગદાન આપી શકે છે તે પણ દર્શાવે છે.

અભિનેતા ટાઈગર શ્રોફ ફાયરિંગ કેસમાં ખુલાસો: મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સુરતમાંથી બે ગેરકાયદે હથિયાર અને ૧૦ જીવતા કારતૂસ જપ્ત કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ સાથે જોડાયેલા ફાયરિંગ કેસની તપાસમાં સુરતમાંથી મહત્વપૂર્ણ કડી મળી આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સુરતમાં ગુપ્ત ઓપરેશન હાથ ધરી બે ગેરકાયદેસર હથિયાર અને ૧૦ જીવતા કારતૂસ જપ્ત કર્યા હોવાની માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીઓએ હથિયારો સુરતના રેલવે સ્ટેશન નજીક આવેલા ગરનાળા પાસે છુપાવ્યા હતા.

મળતી માહિતી મુજબ, મુંબઈમાં ગુનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ કેબ ભાડે કરીને સુરત પહોંચ્યા હતા. સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પર કેબે છોડ્યા બાદ તેમનો ઈરાદો દિલ્હી તરફ જતી બસ પકડવાનો હતો. જોકે, સમયસર બસ ન મળતાં તેઓ અટવાયા હતા. આ દરમિયાન પોતાની પાસે રહેલા હથિયારોનો નિકાલ કરવા માટે તેઓએ ઓટોરિક્ષા કરી હતી અને બસ સ્ટોપ નજીક હથિયારો છુપાવી દીધા હતા. હથિયારો સંતાડ્યા બાદ આરોપીઓ તાત્કાલિક સુરત રેલવે સ્ટેશન પહોંચ્યા હતા અને ત્યાંથી ટ્રેનમાં બેસીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાક્રમમાં સુરતનો ઉપયોગ હથિયારો છુપાવવા માટે કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે. બીજી તરફ, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં પકડાયેલા આરોપીઓ પૈકીના રેહાનને સાથે રાખીને ૨૩ ઓક્ટોબરે સુરતમાં ગુપ્ત દરોડો પાડ્યો હતો. આરોપીએ બતાવેલી જગ્યાએથી પોલીસે બે હથિયાર અને ૧૦ જીવતા કારતૂસ કબજે કર્યા હતા. કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક મુંબઈ રવાના થઈ ગઈ હતી. આ સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સુરતમાં આવીને ગુપ્ત કાર્યવાહી હાથ ધરી, હથિયારો જપ્ત કર્યા અને પરત પણ ફરી ગઈ, પરંતુ સ્થાનિક સુરત પોલીસને આ ઓપરેશનની જાણ થઈ હતી કે નહીં તે અંગે સવાલો ઊભા થયા છે. જપ્ત કરાયેલાં હથિયારો અને કારતૂસને ફોરેન્સિક તથા બેલિસ્ટિક પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. ફાયરિંગના સ્થળેથી મળી આવેલા ખાલી કારતૂસના ખોખાં અને સુરતમાંથી જપ્ત કરાયેલા હથિયારો વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં, તેની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, હથિયારોની હેરાફેરી અને સપ્લાય નેટવર્કમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ, તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ટાઈગર શ્રોફ ફાયરિંગ કેસના તાર સુરત સુધી પહોંચતાં ભારે ચર્ચા જાગી છે. હવે ફોરેન્સિક તપાસ અને પોલીસની આગળની તપાસમાં હથિયારોના સ્રોત, આરોપીઓની હિલચાલ તથા આ સમગ્ર નેટવર્ક અંગે કઈ નવી વિગતો સામે આવે છે તેના પર સૌની નજર છે.

જૂનાગઢમાં ઝડપાયું કેમિકલવાળું નકલી ઘી, યાર્ડ પાસે SOGના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ શહેરમાં લોકોના આરોગ્ય સાથે ગંભીર રમત રમતા અસામાજિક તત્વો અને ભેળસેળિયાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરમાં પૂરજોશમાં ચાલતા એક મોટા કૌભાંડનો પર્દાફાશ કરી પોલીસે લાખો રૂપિયાનો નકલી ઘીનો જથ્થો પકડી પાડ્યો છે. જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમને એક અત્યંત ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી. આ બાતમી અનુસાર શહેરના માર્કેટિંગ યાર્ડ વિસ્તાર પાસે 'જય ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ' નામની એક જગ્યાએ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી હતી. બાતમીના આધારે SOG પોલીસે જરા પણ વિલંબ કર્યા વિના આ ફેક્ટરી પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની આ આકસ્મિક રેડને કારણે નકલી વેપલો ચલાવનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં ફેક્ટરીની અંદરથી જે દ્રશ્યો સામે આવ્યા તે ચોંકાવનારા હતા. અહીં અત્યંત હલકી કક્ષાની સામગ્રી અને વિવિધ કેમિકલનો ઉપયોગ કરીને મોટા પાયે નકલી ઘી બનાવવામાં આવી રહ્યું હતું. સૌથી આશ્ચર્યની વાત એ હતી કે આ નકલી ઘીનો દેખાવ અને સુગંધ બિલકુલ અસલી ઘી જેવો જ હતો. સામાન્ય માણસ માટે આ ઘી અસલી છે કે નકલી તે ઓળખવું લગભગ અશક્ય હતું. બજારમાં અસલી ઘીના નામે વેચવા માટે આ લાખો રૂપિયાનો શંકાસ્પદ જથ્થો તૈયાર રાખવામાં આવ્યો હતો.

પોલીસે સતર્કતા દાખવીને તાત્કાલિક અસરથી આ બધો જ નકલી ઘીનો જથ્થો અને ઉત્પાદન માટે વાપરવામાં આવતી તમામ સામગ્રી જપ્ત કરી લીધી છે. આ ઉપરાંત, ઘટનાસ્થળે જ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ની ટીમને બોલાવવામાં આવી હતી.

FSL ના નિષ્ણાતોએ આ શંકાસ્પદ ઘીના અલગ-અલગ સેમ્પલ કલેક્ટ કર્યા છે અને તેને વધુ સઘન ફોરેન્સિક તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ તેમાં કયા જીવલેણ કેમિકલ વપરાયા હતા તેનો ચોક્કસ ખુલાસો થશે. તહેવારોની સિઝન નજીક આવતા જ સામાન્ય જનતાના આરોગ્યને જોખમમાં મૂકતા આવા ભેળસેળિયાઓ સક્રિય થઈ જાય છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ વિજયવાડા ખાતે આયોજિત 'નેશનલ સરસ મેળા'માં ૩૦ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા ૫૦ સ્વ-સહાય જૂથો (SHGs) ની મહિલા ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કર્યો

ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બંભાનિયાએ આંધ્રપ્રદેશના વિજયવાડામાં આયોજિત 'નેશનલ સરસ મેળા'ની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા સ્વ-સહાય જૂથો (SHGs) ની ૫૦ મહિલા ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કર્યો હતો, જેમાં 'લખપતિ દીદીઓ'નો પણ સમાવેશ થતો હતો. પોતાની મુલાકાત દરમિયાન, મંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલાઓ દ્વારા સંચાલિત સ્ટોલ્સની પણ મુલાકાત લીધી, તેમના વિવિધ પ્રકારના ઉત્પાદનોનું નિરીક્ષણ કર્યું અને પરંપરાગત કૌશલ્યો તથા સ્થાનિક સંસાધનોને ટકાઉ આજીવિકાની તકોમાં પરિવર્તિત કરવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી.

આ સંવાદે ગ્રામીણ મહિલાઓમાં આવેલા નોંધપાત્ર પરિવર્તનને ઉજાગર કર્યું, ગૃહિણીઓમાંથી સફળ ઉદ્યોગસાહસિકો,અર્થોપાર્જન કરનાર વ્યક્તિઓ અને સમુદાયનું નેતૃત્વ કરનાર બની છે. આ પરિવર્તન 'દીનદયાળ અંત્યોદય યોજના—રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' (DAY-NRLM) હેઠળના સામૂહિક પ્રયાસો અને આજીવિકા સંવર્ધન પહેલોના માધ્યમથી શક્ય બન્યું છે.

વાતચીત દરમિયાન, મંત્રીએ એવી મહિલાઓના દ્રઢ નિશ્ચય, સખત મહેનત અને ઉદ્યોગસાહસિક ભાવનાની પ્રશંસા કરી, જેમણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાના વ્યવસાયો સ્થાપ્યા, પોતાના પરિવારને આધાર આપ્યો અને અન્ય લોકો માટે પણ આજીવિકાની તકો ઊભી કરી.

''માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ, 'સરસ મેળા' (Saras Melas) મહિલાઓના નેતૃત્વવાળા સ્વ-સહાય જૂથોને સશક્ત બનાવવા, ગ્રામીણ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને દેશભરની મહિલા ઉદ્યોગસાહસિકો માટે બજાર સુધીની પહોંચ વિસ્તારવા માટે એક શક્તિશાળી રાષ્ટ્રીય મંચ તરીકે ઉભરી આવ્યા છે,'' તેમ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય સરસ મેળાઃ ગ્રામીણ મહિલાઓ માટે બજારની તકોનો વિસ્તાર

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા, 'દિનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' (DAY-NRLM) હેઠળ આયોજિત 'રાષ્ટ્રીય સરસ મેળા' એ બજાર સુધી પહોંચ પૂરી પાડતી એક મહત્વપૂર્ણ પહેલ છે. તે ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકોને તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરવાની અને વેચવાની, ગ્રાહકો સાથે સીધો સંપર્ક સાધવાની તેમજ તેમના વ્યવસાયોને મજબૂત કરવાની તકો પ્રદાન કરે છે. લગભગ ત્રણ દાયકાઓથી, મંત્રાલય રાષ્ટ્રીય, પ્રાદેશિક, રાજ્ય અને જિલ્લા સ્તરે 'સરસ મેળા'નું આયોજન કરી રહ્યું છે. આ મંચોના માધ્યમથી વાર્ષિક વેચાણ રૂા.૨૦૦ કરોડથી વધુ રહ્યું છે.

૧૩ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન વિજયવાડામાં આયોજિત 'રાષ્ટ્રીય સરસ મેળા' એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન છે, કારણ કે દિલ્હી-એનસીઆર (Delhi-NCR) ક્ષેત્રની બહાર આયોજિત થનારો આ પ્રથમ 'રાષ્ટ્રીય સરસ મેળો' છે. આ મેળામાં ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સ્વ-સહાય જૂથોની આશરે ૧,૫૦૦ મહિલા ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો છે, જેમાં 'લખપતિ દીદીઓ'નો પણ સમાવેશ થાય છે. અહીં ૬૫૦થી વધુ સ્ટોલ દ્વારા વિવિધ પ્રકારની વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી રહી છે, જેમાં હાથશાળની સામગ્રી, હસ્તકલાની વસ્તુઓ, પ્રક્રિયા કરેલા ખાદ્ય ઉત્પાદનો, કુદરતી ચીજવસ્તુઓ અને અન્ય પરંપરાગત ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને પ્રતિબિંબિત કરે છે.

આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય ગ્રામીણ ઉત્પાદકો સુધી રાષ્ટ્રીય સ્તરની માર્કેટિંગ તકો પહોંચાડવાનો, નવા ગ્રાહક બજારો સુધી તેમની પહોંચ વિસ્તારવાનો અને ટકાઉ વ્યાપારી સંબંધોને મજબૂત કરવાનો છે. તે 'વોકલ ફોર લોકલ' (સ્થાનિક માટે અવાજ ઉઠાવવો), 'આત્મનિર્ભર ભારત' અને સર્વસમાવેશી ગ્રામીણ વિકાસના વિઝનને પણ આગળ વધારે છે.

ઉદ્યોગસાહસિકતા દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરતી મહિલાઓ

આ સંવાદનું એક મહત્વનું પાસું સ્વ-સહાય જૂથોની મહિલાઓની સામાજિક ઓળખમાં આવેલું પરિવર્તન હતું. મહિલાઓએ જણાવ્યું કે, અગાઉ તેમને ઘણીવાર તેમના પતિના નામથી ઓળખવામાં આવતી હતી; પરંતુ આજે, તેઓ ઉદ્યોગસાહસિકો, વ્યવસાય સંચાલકો અને સામુદાયિક નેતાઓ તરીકે-પોતાના નામ અને સિદ્ધિઓના આધારે-સ્વતંત્ર ઓળખ ધરાવે છે.

તેમની સફર દર્શાવે છે કે સ્વ-સહાય જૂથોમાં સહભાગિતા, આજીવિકાની તકો સુધી પહોંચ અને ક્ષમતા વર્ધન માટે મળેલ સમર્થને મહિલાઓની આર્થિક સ્વતંત્રતા, આત્મવિશ્વાસ અને સામાજિક ઓળખને મજબૂત બનાવી છે. મંત્રીશ્રીએ તેમની સિદ્ધિઓને બિરદાવી અને તેમને તેમના વ્યવસાયોનો વિસ્તાર કરવા તેમજ અન્ય ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનવા માટે પ્રેરિત કરવા પ્રોત્સાહિત કર્યા.

ચર્ચામાં એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે સ્વ-સહાય જૂથોમાં જોડાયેલી મહિલાઓ માત્ર પોતાનો વ્યવસાય જ નથી ચલાવી રહી, પરંતુ સમુદાયના અન્ય સભ્યો માટે રોજગારી અને આજીવિકાની તકો પણ ઊભી કરી રહી છે. તેમના વ્યવસાયો પરિવારોની આર્થિક સ્થિતિ સુધારવામાં, બાળકોના શિક્ષણમાં મદદરૂપ થવામાં અને સ્થાનિક આર્થિક વિકાસમાં યોગદાન આપવામાં મદદ કરી રહ્યા છે.

મંત્રીએ સ્વ-સહાય જૂથોના સ્ટોલની મુલાકાત લીધી અને ત્યાં ઉપલબ્ધ વિવિધ પ્રકારની વસ્તુઓની પ્રશંસા કરી.

મેળાની મુલાકાત દરમિયાન, મંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલા ઉદ્યોગસાહસિકો દ્વારા સંચાલિત સ્ટોલનું નિરીક્ષણ કર્યું અને તેમના સાહસો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ ઉત્પાદનો જોયા.

તેમણે એવી મહિલાઓ સાથે વાતચીત કરી કે જેઓ હાથથી બનાવેલી વસ્તુઓ, પરંપરાગત હાથશાળના વસ્ત્રો, કુદરતી અને ખાદ્ય ઉત્પાદનો તેમજ સ્થાનિક સ્તરે બનેલી અન્ય ચીજવસ્તુઓનું પ્રદર્શન કરી રહી હતી.સ્ટૉલ્સની મુલાકાત લેવાથી તેમને મહિલાઓની ઉદ્યોગસાહસિક યાત્રાઓ, તેમની ઉત્પાદન પ્રવૃત્તિઓ અને તેમના ઉત્પાદનોના માર્કેટિંગને લગતા અનુભવો વિશે જાણકારી મેળવવાની તક મળી.

મંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલાઓની સર્જનાત્મકતા, કારીગરી અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી; આ મહિલાઓએ પરંપરાગત કૌશલ્યોને જાળવી રાખીને બજારની માંગને અનુરૂપ ઉત્પાદનો વિકસાવ્યા છે. તેમના સાહસો દર્શાવે છે કે સ્થાનિક સંસાધનો અને પરંપરાગત જ્ઞાનને આવક સર્જન કરતી પ્રવૃત્તિઓમાં પરિવર્તિત કરી શકાય છે.આનાથી ગ્રામીણ આજીવિકા મજબૂત બને છે અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળે છે.

સ્વ-સહાય જૂથોની મહિલાઓ વિવિધ પ્રકારના ઉત્પાદનો અને ઉદ્યોગસાહસિકતાની સફળતાની ગાથાઓ રજૂ કરે છે.

મંત્રી સાથેની વાતચીત દરમિયાન, ૫૦ સ્વ-સહાય જૂથોની મહિલાઓએ પરંપરાગત કૌશલ્યો, સ્થાનિક સંસાધનો અને નવીન આજીવિકા પ્રવૃત્તિઓ પર આધારિત વ્યવસાયો વિકસાવવાના તેમના અનુભવો વહેંચ્યા.

ગુજરાતના ભાવનગરના 'લખપતિ દીદી' નિરંજના અખંડે મંત્રી સમક્ષ પોતાની ઉદ્યોગસાહસિક યાત્રા રજૂ કરી. તેમનો અનુભવ દર્શાવે છે કે, ગ્રામીણ મહિલાઓને તેમની આજીવિકા મજબૂત કરવામાં અને ઉદ્યોગ વિકાસ દ્વારા પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવામાં 'સ્વ-સહાય જૂથો' (SHGs) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મેઘાલયના પ્રશન્નાએ સ્વ-સહાય જૂથો દ્વારા બનાવવામાં આવતા હાથથી બનાવેલા ઉત્પાદનો વિશે માહિતી પૂરી પાડી. મંત્રીએ આ સ્વ-સહાય જૂથોમાં મહિલાઓના પ્રયાસોની પણ પ્રશંસા કરી, જેઓ સિંગલ-યુઝ પ્લાસ્ટિક બેગના પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે કસ્ટમાઈઝ્ડ કોટન બેગનું ઉત્પાદન કરી રહી છે. આવી પહેલ ગ્રામીણ મહિલાઓ માટે ટકાઉ આજીવિકાની તકો જ નહીં, પણ પ્લાસ્ટિક મુક્ત ભારતના વિઝનમાં પણ ફાળો આપે છે.

કેરળના સ્વ-સહાય જૂથોની મહિલાઓએ કુદરતી ઉત્પાદનો અને ખાદ્ય પદાર્થો પ્રદર્શિત કર્યા, જેમાં ગુણવત્તા, સ્વચ્છતા અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત વસ્તુઓના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. બિહારની મહિલા ઉદ્યોગસાહસિકોએ હાથશાળ ઉત્પાદન ક્ષેત્રે પોતાના અનુભવો રજૂ કર્યા અને સમજાવ્યું કે કેવી રીતે પરંપરાગત કૌશલ્યોને આજીવિકાની સક્ષમ તકોમાં પરિવર્તિત કરી શકાય છે.

હિમાચલ પ્રદેશના 'ધન નિરંકાર' જૂથના ગંગા દેવીએ જણાવ્યું હતું કે, શાલ, સ્ટોલ અને ઊનના વસ્ત્રો સહિતની પરંપરાગત હાથશાળની વસ્તુઓ માત્ર સ્થાનિક કારીગરી અને સાંસ્કૃતિક વારસાને જ જાળવી રાખતી નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓ માટે આવક ઊભી કરવાની તકો પણ સર્જે છે.

તેલંગાણાના 'સ્વાતિ સેલ્ફ-હેલ્પ ગ્રુપ' (સ્વ-સહાય જૂથ)ના શોભા રાનીએ પરંપરાગત હાથશાળ (હેન્ડલૂમ) ઉત્પાદનો પ્રદર્શિત કર્યા, જે રાજ્યના સમૃદ્ધ વણાટ વારસા, આકર્ષક ડિઝાઈનો અને કુશળ કારીગરીને ઉજાગર કરે છે. તેમનો અનુભવ એ વાત પર ભાર મૂકે છે કે સ્વ-સહાય જૂથો પર આધારિત હાથશાળ ઉદ્યોગો પરંપરાગત કળાઓના જતન, સ્થાનિક વસ્ત્રોના પ્રચાર અને મહિલાઓની આજીવિકાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઝારખંડની એક મહિલા ઉદ્યોગસાહસિકે જણાવ્યું કે તેમના વ્યવસાયમાંથી થતી આવક તેમને પરિવારને મદદ કરવામાં અને બાળકોના શિક્ષણમાં યોગદાન આપવામાં સહાયરૂપ થઈ છે. ઉત્તરાખંડના એક પ્રતિનિધિએ ઉત્પાદનની ગુણવત્તા, માર્કેટિંગ કૌશલ્યો અને ઉદ્યોગ વિકાસ જેવા ક્ષેત્રોમાં તાલીમ તથા ક્ષમતા નિર્માણના મહત્વ પર ભાર મૂક્યો.

આ સંવાદે વિવિધ રાજ્યોમાં મહિલાઓના નેતૃત્વ હેઠળના સાહસોની વિવિધતાને ઉજાગર કરી અને દર્શાવ્યું કે કેવી રીતે પરંપરાગત જ્ઞાન, સ્થાનિક સંસાધનો અને સામૂહિક પ્રયાસોને ટકાઉ વ્યવસાયિક તકોમાં પરિવર્તિત કરી શકાય છે.

DAY-NRLM ક્ષમતા નિર્માણ અને આજીવિકાની તકોને મજબૂત બનાવે છે.

આ સંવાદે સ્વ-સહાય જૂથો, સામુદાયિક સંસ્થાઓ, નાણાકીય સમાવેશ, કૌશલ્ય વિકાસ અને આજીવિકા વૃદ્ધિના માધ્યમથી ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવામાં DAY-NRLM ના યોગદાન પર પ્રકાશ પાડ્યો. આ સંસ્થાઓ દ્વારા, મહિલાઓ વિવિધ સરકારી યોજનાઓ અને સહાયક વ્યવસ્થાઓ વિશે માહિતી મેળવે છે, અને તેમને પાત્રતા મુજબના લાભો મેળવવા તથા તેમની આર્થિક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તાલીમ અને ક્ષમતા વર્ધન સંબંધિત પહેલો સ્વ-સહાય જૂથોની મહિલાઓને ઉત્પાદન પદ્ધતિઓમાં સુધારો કરવામાં, મૂલ્યવર્ધિત ઉત્પાદનો વિકસાવવામાં, સાહસોનું સંચાલન કરવામાં અને માર્કેટિંગ ક્ષમતાઓને મજબૂત કરવામાં મદદ કરે છે. સામુદાયિક સંસ્થાઓ અને બિન-સરકારી સંસ્થાઓ તરફથી મળતો સહયોગ પણ ઉદ્યોગસાહસિક કૌશલ્યોના વિકાસમાં અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવામાં યોગદાન આપે છે.

'ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ' (FPOs) અને અન્ય સામૂહિક સાહસોની રચના-જેમાં સ્વ-સહાય જૂથોના સભ્યો પણ સામેલ હોય છે-તે કૃષિ પેદાશોના એકત્રીકરણ, મૂલ્યવર્ધન, સામૂહિક માર્કેટિંગ અને ગ્રામીણ ઉત્પાદકો માટે બજાર સુધીની બહેતર પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે.

આ ચર્ચામાં બાજરી (મિલેટ્સ) - જેમાં નાચણી (રાગી) નો પણ સમાવેશ થાય છે - પર આધારિત ઉદ્યોગો દ્વારા ગ્રામીણ આજીવિકામાં વિવિધતા લાવવાની સંભાવનાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો. સ્વ-સહાય જૂથોની મહિલાઓ સ્થાનિક કૃષિ પેદાશોને મૂલ્યવર્ધિત ઉત્પાદનોમાં રૂપાંતરિત કરીને આવકની વધારાની તકો ઊભી કરી રહી છે, સ્થાનિક મૂલ્ય સાંકળો (value chains) ને મજબૂત બનાવી રહી છે અને પરંપરાગત ખાદ્ય ઉત્પાદનોને પ્રોત્સાહન આપી રહી છે.

'નેશનલ સરસ મેળા' (National Saras Mela) બજાર સાથેના જોડાણો અને મહિલા નેતૃત્વને મજબૂત બનાવે છે.

આ મેળામાં સહભાગી થયેલા સ્વ-સહાય જૂથોની મહિલાઓએ 'નેશનલ સરસ મેળા'માં ગ્રાહકો તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રદર્શન તેમને પોતાની હાથ બનાવટની વસ્તુઓ રજૂ કરવામાં, ગ્રાહકો સાથે સીધો સંવાદ સાધવામાં, બજારની પસંદગીઓને સમજવામાં અને વેચાણ વધારવામાં મદદરૂપ થઈ રહ્યું છે.

આ મેળો મહિલા ઉદ્યોગસાહસિકો માટે તેમના ઉત્પાદનોને સ્થાનિક વિસ્તારોની બહાર બજારમાં મૂકવા, નવા ગ્રાહકો સુધી પહોંચવા અને ઉત્પાદન પ્રસ્તુતિ, કિંમત નિર્ધારણ, ગ્રાહક જોડાણ તથા વેચાણ વ્યવસ્થાપન અંગે વ્યવહારુ અનુભવ મેળવવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. તે મહિલાઓને તેમના અનુભવોની આપ-લે કરવામાં, અન્ય ઉદ્યોગસાહસિકો પાસેથી શીખવામાં અને તેમના વ્યવસાયના વિસ્તરણ માટેની તકો ઓળખવામાં પણ મદદરૂપ થાય છે.

આ સંવાદે ફરી એકવાર એ વાત પર ભાર મૂક્યો છે કે મહિલા સશક્તિકરણ માત્ર આવક મેળવવા પૂરતું સીમિત નથી. ગ્રામીણ મહિલાઓ, જેમની પાસે અગાઉ આજીવિકાની મર્યાદિત તકો હતી, તેઓ હવે વ્યવસાયો ચલાવી રહી છે, પોતાના પરિવારને આર્થિક ટેકો આપી રહી છે, ઘરના નિર્ણયો લેવામાં યોગદાન આપી રહી છે અને અન્ય લોકો માટે રોજગારીનું સર્જન કરી રહી છે. તેમનો વધતો જતો આત્મવિશ્વાસ અને નેતૃત્વ એ સામૂહિક પ્રયાસો, સંસ્થાકીય સહાય, તાલીમ અને બજારો સુધીની પહોંચના પરિવર્તનકારી પ્રભાવને દર્શાવે છે.

માનનીય મંત્રીશ્રીની આ મુલાકાત 'રાષ્ટ્રીય સરસ મેળા' અને 'DAY-NRLM' (દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન) ના મહત્વને રેખાંકિત કરે છે. આ પહેલો મહિલાઓના નેતૃત્વ હેઠળના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં, ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં, તેમજ 'લખપતિ દીદી', 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પશ્ચિમ રેલવેના PCCM શ્રી તરુણ જૈને સોમનાથ, વેરાવળ સહિત વિવિધ સ્ટેશનોનું સંરક્ષા નિરીક્ષણ કરી, મુસાફર સુવિધાઓ અને વાણિજ્યિક પ્રવૃત્તિઓની સમીક્ષા કરી

ભાવનગર મંડળમાં યાત્રી સુવિધાઓના ઉન્નયન, સ્ટેશનની વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ બનાવવા અને વાણિજ્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી પશ્ચિમ રેલવેના પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક (PCCM) શ્રી તરુણ જૈને ૨૪ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સોમનાથ, વેરાવળ, માલિયા હાટીના અને આદ્રી રોડ રેલવે સ્ટેશનોનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નિરીક્ષણ દરમિયાન શ્રી જૈને સ્ટેશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ, વાણિજ્યિક

વ્યવસ્થાઓ તેમજ સ્ટેશન પરિસરની કાર્યપ્રણાલીનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરીને યાત્રી સેવાઓને વધુ સુવિધાજનક બનાવવા તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓને વધુ સુદ્રઢ બનાવવા સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક (PCCM) શ્રી તરુણ જૈને સોમનાથ સ્ટેશન પર ચાલી રહેલાં વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી. સમીક્ષા બાદ તેમણે યાત્રી સુવિધાઓ અને વાણિજ્યિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને ઉપયોગી સૂચનો આપ્યાં હતાં.

શ્રી જૈને સોમનાથ રેલવે સ્ટેશનના નિરીક્ષણ બાદ GHCL લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ (મટિરિયલ) સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં રેલવે અને ઉદ્યોગ વચ્ચે વધુ સારા સંકલન, માલ પરિવહનની સંભાવનાઓ તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા સંબંધિત વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ તેમણે વેરાવળ, માલિયા હાટીના અને આદ્રી રોડ રેલવે સ્ટેશનોની મુલાકાત લઈને ત્યાંની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો હેતુ સ્ટેશનની સુવિધાઓ અને વાણિજ્યિક કાર્યપ્રણાલીની સમીક્ષા કરીને રેલવે સેવાઓને વધુ અસરકારક બનાવવાની દિશામાં પ્રયાસો કરવાનો હતો. પશ્ચિમ રેલવે મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા, સ્ટેશનોની કાર્યપ્રણાલીને સુદ્રઢ બનાવવા તથા ઉદ્યોગો સાથે સંકલન દ્વારા માલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે.

કિલોના ભાવ ૧૦ રૂપિયાથી પણ નીચે પહોંચ્યા

અમદાવાદ સહિત રાજ્યભરમાં શાકભાજીના ભાવ તળિયે

ખેડૂતોએ વચેટિયા એટલે કે રિટેલ દલાલો મનફાવે તે ભાવ લેતા હોવાના આક્ષેપ કરી તેઓને ફાયદો હોવાની વાત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શિયાળો એટલે લીલા શાકભાજી ખાવાની સિઝન. કેમ કે આ સીઝનમાં શિયાળુ પાક શાકભાજી ખૂબ આવતી હોય છે. જે ખાવાથી લોકોનું સ્વાસ્થય પણ સારું રહેતું હોય છે. પણ હાલ apmc બજારની સ્થિતિ એવી બની છે કે વેપારીઓની હાલત કફોડી બની ગઈ છે. હાલ ઠંડીની શરૂઆત થઈ છે. જે ઠંડી શરૂ રહેતા શિયાળુ શાકભાજી પણ બજારમાં આવતા શરૂ થયા છે. એટલે સ્વભાવિક છે કે આવક વધે એટલે ભાવ ઘટે.

જોકે આ વર્ષે ચાલુ સીઝનમાં જે ભાવ હોય છે. તેના કરતાં પણ વધુ ભાવ ઘટાડો જોવા મળ્યો છે. જેને લઈને ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. આવી જ રીતે જમાલપુર apmc માં આવતા શાકભાજી કે જેમાં ગત સપ્તાહમાં રીંગણ ૧૨ થી ૪૫ રૂપિયે કિલો હતા. જે હાલ ૩ થી ૧૦ ભાવ થયો, જ્યારે ભટ્ટામાં ૧૨ થી ૩૫ નો ભાવ ૫ થી ૨૦ થયો, રવૈયામા ૧૫ થી ૫૦ નો ભાવ ૪ થી ૨૦ થયો આ સિવાય કોબીજ, ફુલાવર, ટામેટા, દૂધી, કારેલા, ગવાર, ચોળી, ગિલોડા, તુરિયા, ગલકા સહિત ની શાકભાજીમાં ભાવમાં પણ ૫ થી ૨૦ નો ઘટાડો જોવા મળ્યો છે.

શાકભાજીની આવક શરૂ થતા apmc બજાર ફૂલ બન્યું છે. જોકે શાકભાજી apmc માંથી બજારમાં જે જવી જોઈએ તેટલા પ્રમાણમાં ન

જતા વેપારીઓને શાકભાજી બગડી જવાના ભયથી રોવાનો વારો આવ્યો. અને સામાન્ય ભાવ ઘટાડા સામે વધુ ઓછા ભાવે શાકભાજી આપવાનો વારો આવ્યો. જોકે આ વચ્ચે ખેડૂતોએ વચેટિયા એટલે કે રિટેલ દલાલો મનફાવે તે ભાવ લેતા હોવાના આક્ષેપ કરી તેઓને ફાયદો હોવાની વાત કરી હતી.

આ તમામ વચ્ચે કમોસમી વરસાદી અને અલનીનો ની અસરના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાની ખેડૂતોએ વાત કરી હતી. જેના કારણે ખેડૂતો માલ બગડે નહીં માટે apmc સુધી માલ ઝડપી પહોંચાડવા લાગતા પણ આવક વધી. જેના કારણે ગત વર્ષે જે શાકભાજી ૨ હજારે મણ વેચાતી તેમા અધધ ઘટાડો થયાની વાત ખેડૂતે કરી વચેટિયાના ફાયદાની વાત કરી. જોકે રિટેલ વેપારીએ આ વાત ફગાવી દીધી હતી.

Apmc મા આવતા શાકભાજીના ભાવમાં ઘણો ઘટાડો થયો છે. જોકે હજુ શહેરના કેટલાક વિસ્તારમાં ભાવ વધુ હોવાની વાત છે. એનો મતલબ એ થયો કે apmc માંથી શાકભાજી બહાર આવ્યા બાદ તેના ભાવ પર કોઈ નિયંત્રણ નથી રહેતું. જેના કારણે આ સ્થિતિ સર્જાતી હોય છે. જેના કારણે શિયાળુ શાકભાજીની આવક વધી છતાં લોકો શાકભાજી ખાવામાં ખચકાતા હોય છે. ત્યારે જરૂરી છે કે જેમ apmc માં ભાવ નિયંત્રણ હોય છે તેમ રિટેલ બજારમાં પણ ભાવ નિયંત્રણ હોય તો મોંઘવારીનો માર લોકોને ન પડે અને લીલા શાકભાજી ખાઈ લોકો પોતાનું સ્વાસ્થ્ય વધુ સારું બનાવી શકે.

અંકલેશ્વર GIDCના રહેણાંક વિસ્તારમાં પત્નીની હત્યાની ઘટના સામે આવી: દંપતી વચ્ચે અવારનવાર વિવાદ થતો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર એવા અંકલેશ્વર GIDCના રહેણાંક વિસ્તારમાં પત્નીની હત્યાની એક ચોંકાવનારી ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગોલ્ડન પોઈન્ટ ચોકડી પાસે આવેલી કાન્હા રેસિડેન્સીના સિક્યુરિટી રૂમમાં આડા સંબંધની આશંકા અને વહેમના કારણે વોચમેન તરીકે ફરજ બજાવતા પતિએ જ પોતાની પત્ની પર બોથડ પદાર્થ વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી છે.

મળતી વિગતો અનુસાર, અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલા ગોલ્ડન પોઈન્ટ ચોકડી નજીક કાન્હા રેસિડેન્સી સ્થિત છે. આ રેસિડેન્સીના સિક્યુરિટી રૂમમાં ટેકબહાદુર ભીમ બહાદુર ચંદ નામનો શખ્સ વોચમેન તરીકે ફરજ બજાવતો હતો અને તેની પત્ની લક્ષ્મી ચંદ પણ તેની સાથે જ રહેતી હતી. આરોપી ટેકબહાદુરને પોતાની પત્ની લક્ષ્મીના ચારિત્ર્ય પર શંકા હતી અને આડા સંબંધો હોવાનો વહેમ હતો. આ જ બાબતે છેલ્લા કેટલાક સમયથી દંપતી વચ્ચે અવારનવાર વિવાદ થતો હતો. ઘટનાના દિવસે પણ સિક્યુરિટી રૂમમાં બંને વચ્ચે આડા સંબંધની આશંકાને લઈને ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં આક્રોશમાં આવેલા પતિ ટેકબહાદુરે સિક્યુરિટી રૂમમાં જ પડેલો બોથડ પદાર્થ ઉપાડી પત્ની લક્ષ્મીના માથાના ભાગે સણસણતા ઘા ઝીંકી દીધા હતા. માથામાં ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે લક્ષ્મીબેન લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

બનાવ અંગેની જાણ થતાં જ અંકલેશ્વર GIDC પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી પતિ ટેકબહાદુર ભીમ બહાદુર ચંદને તાત્કાલિક હિરાસતમાં લઈ લીધો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો મેળવીને તેને પંચનામા બાદ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને પ્રાથમિક તપાસ શરૂ કરી દીધી છે. હત્યા પાછળનું ચોક્કસ કારણ અને ઘટનાની સમગ્ર હકીકત મેળવવા માટે પોલીસ દ્વારા આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. રહેણાંક સોસાયટીના સિક્યુરિટી રૂમમાં જ આ રીતે બનેલી દંપતીની લોહિયાળ ઘટનાથી સ્થાનિક રહીશોમાં પણ ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

કચ્છ બોર્ડર પર BSFનું સર્ચ ઓપરેશન

કચ્છના સર ક્રીક વિસ્તારમાં ચાર પાકિસ્તાની ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના સર ક્રીક વિસ્તારમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરી ચાર પાકિસ્તાની માછીમારોને ઝડપી પાડવામાં આવ્યા છે. ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ભારતીય જળસીમામાં પ્રવેશેલા ચાર પાકિસ્તાની નાગરિકોની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેમની પાસેથી એક ફાઈબર ફિશિંગ બોટ પણ જપ્ત કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સરહદી વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઝડપાયેલા ચાર માછીમારોની ઓળખ કાદિર થાઈમોર, મુહમ્મદ મુસા, અઝગર થાઈમોર અને અહસાન જાટ તરીકે થઈ છે. પ્રાથમિક વિગતો અનુસાર, ચારેય પાકિસ્તાનના સિંધ પ્રાંતના ચાચ જાન ખાન વિસ્તારના રહેવાસી છે. BSF દ્વારા તેમની અટકાયત કર્યા બાદ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં ચારેય માછીમારો કરચલા પકડવાના બહાને ભારતીય જળસીમામાં પ્રવેશ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે, તેઓ કયા સંજોગોમાં ભારતીય જળસીમામાં આવ્યા હતા અને આ ઘટનામાં અન્ય કોઈ પાસાં સંકળાયેલાં છે કે કેમ તે અંગેની વિગતો તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

એક બાજુ ડિજિટલ ભારતનો દાવો જ્યારે બીજીબાજુ નાગરિકોના ડેટા અસુરક્ષિત કેમ?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત ભારત આજે ડિજિટલ અર્થતંત્ર, ઓનલાઈન બેંકિંગ અને કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપી રહ્યું છે. સરકારથી માંડીને બેંકો સુધી દરેક સંસ્થા નાગરિકોને ડિજિટલ વ્યવસ્થા અપનાવવા પ્રેરિત કરે છે. બીજી તરફ સામાન્ય નાગરિકે પણ અજાણ્યા ફોન લિંક, OTP ની માંગણી અને બેંકના નામે થતી શંકાસ્પદ વાતચીતથી સાવચેત રહેવું જોઈએ. પરંતુ આખી જવાબદારી ગ્રાહકના માથે નાખી શકાય નહીં. જે સંસ્થાઓ નાગરિકોની માહિતી એકત્રિત કરે છે અને એના આધારે સેવાઓ આપે છે તેમની જવાબદારીએ માહિતીનું રક્ષણ કરવાની છે. ગ્રાહકને સાવચેતી રાખવાનું કહેવું જરૂરી છે, પરંતુ તે સંસ્થાની સુરક્ષા વ્યવસ્થાની ખામીઓનો વિકલ્પ બની શકે નહીં.

આખરે, ડિજિટલ યુગમાં વિશ્વાસ સૌથી મોટી મૂડી છે. SBI જેવી જાહેર ક્ષેત્રની બેંક પર લોકો માત્ર વ્યવહાર માટે નહીં, પરંતુ પોતાની મહેનતની કમાણી અને અંગત માહિતીની સુરક્ષા માટે પણ ભરોસો રાખે છે. આ ભરોસો જળવાઈ રહે તે માટે પારદર્શિતા, મજબૂત સુરક્ષા અને જવાબદારી અનિવાર્ય છે. ડેટા લીકની તપાસનો હેતુ માત્ર ઘટના કેવી રીતે બની તે શોધવાનો ન હોવો જોઈએ. પરંતુ ભવિષ્ય માં આવી ઘટના ફરી ન બને તે સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ. ડિજિટલ ભારતનું સ્વપ્ન ત્યારે જ સાચા અર્થમાં સાકાર થશે, જ્યારે ટેકનોલોજીની ઝડપની સાથે નાગરિકોની સુરક્ષા પણ એટલી જ મજબૂત હશે. કારણ કે ડિજિટલ વિકાસની સાચી કસોટી સુવિધાઓની સંખ્યા નથી. નાગરિકોના વિશ્વાસનું રક્ષણ કરવાની ક્ષમતા છે.

બાળકી તણાતી રહી ને માતા-પિતા દરિયા કિનારે રીલ બનાવવામાં મગ્ન રહ્યા

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત આજના જમાનામાં દરેક જણ પછી એ નાના કે મોટા કેમ ના હોય એમને સોશ્યલ મીડિયા પર લાઈક્સ અને વ્યુઝ મેળવવાની એટલી ઘેલછા વધી ગઈ છે કે જેની કોઈ સીમા જ નથી. અને એમાં લોકો એટલી હદે બેદરકાર બની શકે છે એનો અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એમાં દરિયા કિનારે રીલ બનાવવામાં મશગૂલ બનેલા એક દંપતીએ પોતાની નાનકડી દીકરી દરિયાનાં મોજાં વચ્ચે ફંગોળાઈ રહી હોવાનું પણ ધ્યાનમાં ન લીધું.

સદનસીબે ત્યાંથી પસાર થઈ રહેલા એક માણસની નજર પડતાં તેણે દોડીને માસૂમ બાળકીને દરિયાનાં ઉછળતાં મોજાંમાંથી તણાતી બચાવી હતી. વાઈરલ થયેલા આ વિડિયો ફૂટેજમાં મમ્મી-પપ્પાની ઘોર બેદરકારી સ્પષ્ટપણે કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પતિ હાથમાં સેલ્ફી સ્ટિક લઈને વિડિયો બનાવી રહ્યો હતો. અને પત્ની બાળકીનો હાથ પકડીને મોજાંની એકદમ નજીક ચાલી રહી હતી. અચાનક બાળકી મમ્મીની પકડમાંથી છૂટી ગઈ અને ભીની રેતી પર નીચે પડી ગઈ. તેણે પાછળ વળીને જોયું પણ ખરું પરંતુ બાળકીને ઊભી કરવાને કે બચાવવાને બદલે તે તરત જ ફરીથી કેમેરા સામે મોં ફેરવીને હસતાં હસતાં પોઝ આપવા લાગી.

પપ્પા પણ સતત કેમેરામાં જોઈને વિડિયો ઉતારવામાં જ વ્યસ્ત હતા. આ દરમ્યાન દરિયાનાં જોરદાર મોજાં બાળકીની ઉપર ફરી વળ્યાં અને તે પાણીમાં ખેંચાવા લાગી. જોકે એક માણસની નજર આ દ્રશ્ય પર પડતાં તેણે જરાય સમય ગુમાવ્યા વગર દોટ મૂકી અને મોજાં વચ્ચે તરફડિયાં મારતી બાળકીને પોતાના હાથમાં ઊંચકી લીધી. જો એ સમયે તે રાહદારી હાજર ન હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. દરેકે આ કિસ્સો સમજવા જેવો છે.

‘રાષ્ટ્રીય એકતા દિવસ – ૨૦૨૬’: ગાંધીનગર સચિવાલય ખાતેથી ‘નેશનલ મોટરસાઈકલ રેલી’નું પ્રસ્થાન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ‘નેશનલ મોટરસાઈકલ રેલી’ને લીલી ઝંડી આપી સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગર માટે ફ્લેગ ઓફ કરાવી

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે આગામી ૩૧મી ઓક્ટોબરે એકતા નગર ખાતે યોજાનાર ‘રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ’ના ઉપલક્ષ્યમાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ‘ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સ’ થીમ હેઠળ આયોજિત ભવ્ય ‘નેશનલ મોટરસાઈકલ રેલી’ને આજે ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું.

સુરક્ષા દળોના પ્રચંડ ઉત્સાહ વચ્ચે મુખ્યમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી રેલીને સ્ટેચ્યુ ઓફ યુનિટી–એકતા નગર (કેવડિયા) તરફ રવાના કરાવી હતી.

આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે રેલી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ‘‘આ મોટરસાઈકલ રેલીમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની ટીમો સહભાગી થઈ છે. દરેક રાજ્યમાંથી ૫-૫ બાઈકર્સ આ રેલીમાં જોડાયા છે, જેમાં લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિતના રાજ્યો તેમજ CAPFના જવાનોનો સમાવેશ થાય છે. આ રેલીમાં દેશના વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની કુલ ૪૫ ટીમો અને ૫૫૦થી વધુ જવાનો/અધિકારીઓ ૪ અલગ-અલગ ઝોન મારફતે ૨૭૫૦થી વધુ બાઈક સાથે ભાગ લઈ રહ્યા છે.’’

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘આજે ગાંધીનગર ખાતેથી ફ્લેગ ઓફ થયા બાદ આ ટીમો આગળ વધીને કેવડિયા પહોંચશે. રેલીના સમગ્ર માર્ગ દરમિયાન અલગ-અલગ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમો અને શપથ ગ્રહણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી લોકોને ખાસ કરીને યુવા પેઢીને નશાના દૂષણથી દૂર રહેવા પ્રેરિત કરી શકાય. તમામ બાઈકર્સ કેવડિયા પહોંચશે અને ૩૧મી ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસ પરેડમાં ગૌરવપૂર્વક ભાગ લેશે.’’

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા તા. ૨૧મી ઓક્ટોબરે નવી દિલ્હીથી નોર્થ ઝોનની આ રેલીને ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું, જે હરિયાણા અને રાજસ્થાન થઈને ગાંધીનગર આવી પહોંચી હતી. ગાંધીનગરથી પ્રસ્થાન કર્યા બાદ આ રેલી આણંદ અને વડોદરા થઈને નિર્ધારિત મુકામ એકતા નગર પહોંચશે.

"Say No to Drugs, Say Yes to Life"ના મંત્ર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ગૃહ વિભાગના અગ્ર સચિવ અને મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેલાડીઓને સતત પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ગુજરાતના ખેલાડીઓનો દબદબો, વિવિધ સ્પર્ધાઓમાં જીત્યા ૮ મેડલ

Anjana Bumbadiya

Tejal Damor

Bhavina Patel

Sonal Patel



Rakesh Bhatt

જાપાનના આઈચી પ્રીફેક્ચર અને નાગોયા શહેરમાં આયોજિત પાંચમી એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાજ્ય અને દેશનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધાઓમાં એક ગોલ્ડ, બે સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મેડલ સહિત કુલ આઠ મેડલ જીત્યા છે.

સાબરકાંઠાનાં અંજનાબેન રોહિત બુંબડિયાએ પેરા એથ્લેટિક્સની મહિલા ૪૦૦ મીટર T47 સ્પર્ધા ૫૯.૯૭ સેકન્ડમાં પૂર્ણ કરીને ગોલ્ડ મેડલ જીત્યો. તેમની આ સિદ્ધિએ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સાબરકાંઠાનાં જ તેજલબેન અમરજી ડામોરે પેરા એથ્લેટિક્સમાં બે મેડલ જીતીને વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે મહિલા ૪૦૦ મીટર T12 સ્પર્ધા ૫૭.૬૦ સેકન્ડમાં પૂર્ણ કરીને સિલ્વર મેડલ મેળવ્યો છે. આ ઉપરાંત, મહિલા ૨૦૦ મીટર T12 સ્પર્ધા ૨૫.૨૩ સેકન્ડમાં પૂર્ણ કરીને બ્રોન્ઝ મેડલ પણ જીત્યો છે.

ગાંધીનગરનાં નિમિષા સી.એસ.એ પેરા એથ્લેટિક્સની લોંગ જમ્પ T47 સ્પર્ધામાં ૫.૩૭ મીટરનું અંતર કાપીને સિલ્વર મેડલ જીત્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા નિમિષાબેનને એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભાગ લેવા બદલ રૂ.૫ લાખની નાણાકીય સહાય આપવામાં આવી હતી. નિમિષાબેનને હાંગઝોઉ, ચીન ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૩માં લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ જીતવા બદલ રૂ.૩૦ લાખની સહાય આપવામાં આવી હતી.

પેરા ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ ક્લાસ ૪–૫ સ્પર્ધામાં મહેસાણાનાં ભાવિનાબેન હસમુખભાઈ પટેલે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અર્જુન અવૉર્ડી ભાવિનાબેન અગાઉ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યાં છે. રાજ્ય સરકાર દ્વારા તેમને એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભાગ લેવા બદલ રૂ.૫ લાખ અને પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ભાગ લેવા બદલ રૂ.૧૦ લાખની નાણાકીય સહાય આપવામાં આવી હતી. આ ઉપરાંત, હાંગઝોઉ, ચીન ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૩માં મેડલ જીતવા બદલ રાજ્ય સરકાર દ્વારા ભાવિનાબેનને રૂ.૫૦ લાખની નાણાકીય સહાય આપવામાં આવી હતી.

અમદાવાદનાં સોનલબેન મનુભાઈ પટેલે પેરા ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ ક્લાસ ૩ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેમને એશિયન ગેમ્સ ૨૦૨૩ અને પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ભાગ લેવા બદલ અનુક્રમે રૂ.૫ લાખ અને રૂ.૧૦ લાખની સહાય આપવામાં આવી હતી.

ભાવનગરના રાકેશ ધનજીભાઈ ભટ્ટે પેરા એથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને બે બ્રોન્ઝ મેડલ જીત્યા છે. તેમણે પુરુષોની ૧૦૦ મીટર T37 સ્પર્ધા ૧૧.૫૦ સેકન્ડમાં અને ૨૦૦ મીટર T37 સ્પર્ધા ૨૩.૬૪ સેકન્ડમાં પૂર્ણ કરીને બંને સ્પર્ધાઓમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. તેમને એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભાગ લેવા બદલ રૂ.૫ લાખની નાણાકીય સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશમાં રમતગમત અને ખેલાડીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળી રહ્યું છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેલાડીઓને સતત પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓની સફળતા તેમની મહેનત, પ્રતિભા અને દૃઢ મનોબળનું પ્રતીક છે. તેમની સિદ્ધિઓ અન્ય દિવ્યાંગ ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે આગળ વધવા, પોતાની ક્ષમતા સાબિત કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવા પ્રેરણા પૂરી પાડશે.

વાપીમાં નશાના મોટા રેકેટનો પર્દાફાશ: ૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, ૩ આરોપીઓની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી ઔદ્યોગિક નગરી વાપીમાં એક મસ મોટા નશાના રેકેટનો પર્દાફાશ થયો છે. વલસાડ જિલ્લા અને એસ.જી પોલીસ સહિત ડુંગરા પોલીસની આ કાર્યવાહીમાં જુદા જુદા ત્રણ કેસોમાં અંદાજે ૧૩.૮૯ કરોડથી વધુની કિંમત નો નશાનો સામાન ઝડપાયો છે. વલસાડ જિલ્લા SOGની ટીમે જુદી જુદી ત્રણ જગ્યાએ કરેલી રેડમાં નશીલો પદાર્થ અને કરોડોનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે ૨૫૦૦ કિલોથી વધુનો નસીલો પદાર્થ સાથે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રથમ વાપીના છીરી ગાલા મસાલામાં પોલીસે અહેમદનગર રજા ગલીમાં એક મકાનમાં રેડ કરી હતી. મોહમ્મદ અમીન મોહમ્મદ બાસુ ખાનના મકાનમાં કરેલી તપાસમાં કેનોબીસ નામના નસીલા પદાર્થની ૩૮૭.૭૫૦ કિલો ગ્રામ નશિલી ગોળીઓનો જથ્થો મળી આવ્યો હતો. જેની બજાર કિંમત ૧.૯૩ કરોડ ની હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. આ કાર્યવાહી દરમ્યાન બાતમી મળી કે આ નશીલો પદાર્થ દાદરા નગર હવેલી ની બોર્ડર નજીક થી લાવવામાં આવ્યો હતો. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દાદરા નગર હવેલી અને ગુજરાતની હદ પર તીઘરા રોડ પર પ્રદીપ ઉર્ફે મનુ વર્માની દુકાનમાં રેડ કરી હતી. આ દુકાન માંથી પણ ૧૦.૯૩ કરોડની કિંમતના ૨૧૪૭ કિલો કેનોબીસની ગોળીઓનો જથ્થો મલી આવ્યો હતો. ત્યારબાદ વાપીની ડુંગરા પોલીસે પણ બોલાવ્યો સપાટો બોલાવી લેકવ્યુ રેસીડેન્સી માંથી કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બિસ્વાલના ઘરમાંથી પણ ૧.૨૧ કરોડની કિંમત ની ૨૪૩ કિલો જેટલી નસીલી કેનોબીસ ની ગોળીઓ ઝડપાઈ હતી.

સુરતમાં કોંગ્રેસની દિલ્હી દોડ: "વોટ બચાવ, દેશ બચાવ" અભિયાન સંદર્ભે મોદી-શાહ પર ચાબખા

સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં વોટ બચાવો - દેશ બચાવો અભિયાનની રૂપરેખા રજૂ કરવામાં આવી

(નિડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત દેશમાં લોકશાહી અને નાગરિકોના મતાધિકારના રક્ષણ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા શરૂ કરવામાં આવેલા "વોટ બચાવ, દેશ બચાવ" અભિયાન અંતર્ગત સુરત સર્કિટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા AICC ઓબ્ઝર્વર અને મહારાષ્ટ્રના પૂર્વ વિધાયક શ્રી મોહન જોશી જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર સીધા પ્રહાર કર્યા હતા.

● બ્લોકથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધી આંદોલનની તૈયારી

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોહન જોશી જીએ જણાવ્યું હતું કે, "દેશના દરેક નાગરિકના મતાધિકારને સુરક્ષિત રાખવા અને મતદાર યાદીમાંથી જેમના નામ ખોટી રીતે કાઢી નાખવામાં આવ્યા છે, તેમના નામ ફરીથી ઉમેરાય તે માટે કોંગ્રેસે આરપારના સંઘર્ષનું બ્યુગલ ફૂંક્યું છે." તેમણે ઉમેર્યું હતું કે આ આંદોલનને બ્લોક સ્તરથી શરૂ કરીને ડિસ્ટ્રિક્ટ, પ્રદેશ અને ઓલ ઈન્ડિયા લેવલ સુધી તીવ્ર બનાવવાની કોંગ્રેસની પૂર્ણ તૈયારી છે.

● બે મહિનાના અભિયાનનો એક્શન પ્લાન:

ઘરે-ઘરે જનસંપર્ક: આવનારા બે મહિના સુધી ’સેવ ડેમોક્રેસી’ના શિર્ષક હેઠળ હેન્ડ બિલના માધ્યમથી વ્યાપક જનસંપર્ક કરવામાં આવશે.

● મતદાર યાદીની ચકાસણી: કોંગ્રેસના કાર્યકરો મતદાતા સૂચિ લઈને ઘરે-ઘરે પહોંચશે અને કયા સંજોગોમાં નાગરિકોના નામ કપાયા છે તેની ઝીણવટભરી તપાસ કરશે તેમજ નામ ફરી જોડવા માટેની જરૂરી કાયદાકીય કાર્યવાહી કરશે.

● ચોપાલ સભા: આવનારા દિવસોમાં દરેક વોર્ડદીઠ ’ચોપાલ સભા’નું આયોજન કરી લોકોને જાગૃત કરવામાં આવશે અને વોટચોરોને ખુલ્લા પાડવામાં આવશે.

● ૧લી નવેમ્બરે દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરનું વિરોધ પ્રદર્શન

મોહન જોશી જીએ એક મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ ગુપ્તાના રાજીનામાની માગ સાથે આવનારી ૧લી નવેમ્બરે દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરનું વિશાળ વિરોધ પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે સુરતથી પણ મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો દિલ્હી જશે.

● સુરત કોંગ્રેસના શીર્ષ નેતૃત્વની ઉપસ્થિતિ

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રવક્તા નૈષધ દેસાઈ,સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, સંગઠન મહામંત્રી રોહિત સાવલિયા, કોર્પોરેટર અરશદ જરીવાલા, પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા, પ્રવક્તા કિરણ રાયકા,છાયા ઠાકોર તેમજ સહ ખજાનચી નિરવ રાણા સહિત શહેરના ટોચના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લંડન સ્થાયી થવાના નામે પરિણીતા પાસેથી રૂપિયા ૨૫ લાખ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ અમદાવાદના નિકોલ વિસ્તારમાં પરિણીતાને લંડન લઈ જવાના બહાને પિયર પક્ષ પાસેથી ૨૫ લાખ રૂપિયા મેળવી લીધા બાદ શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવાનો કિસ્સો સામે આવ્યો છે. પતિના અન્ય યુવતી સાથે સંબંધ હોવાનો વિરોધ કરતાં પરિણીતાને મારઝૂડ કરી તરછોડી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાઈ છે. મૂળ મેઘાણીનગરની ૩૫ વર્ષીય યુવતીના લગ્ન જાન્યુઆરી ૨૦૨૩માં નિકોલ ખાતે રહેતા યુવક સાથે થયા હતા. પોલીસ સમક્ષ નોંધાવાયેલી વિગતો અનુસાર, લગ્નના થોડા જ દિવસોમાં પતિનું વર્તન બદલાઈ ગયું હતું. સાસુએ સુરક્ષાના નામે પરિણીતાના સોનાના દાગીના લોકરમાં મૂકવાના બહાને લઈ લીધા હતા. તેમજ પરિણીતા પ્રાઈવેટ ટ્યુશન દ્વારા જે કમાણી કરતી હતી, તે નાણાં પણ પતિ મેળવી લેતો હતો. ઘર તથા કારના હપ્તા ભરવાના નામે પણ પિયરમાંથી ૫૦ હજાર રૂપિયા મંગાવવામાં આવ્યા હતા.

આ દરમિયાન, પતિએ લંડન જવા માટે પ્રોસેસિંગ ફી અને અન્ય ખર્ચના નામે પિયર પક્ષ પાસે નાણાંની માંગણી કરી હતી. પરિણીતાના ભાઈએ પોતાના શેર વેચીને તેમજ સગા-સંબંધીઓ પાસેથી મેળવીને તબક્કાવાર કુલ ૨૫ લાખ રૂપિયા પતિને આપ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૩માં પતિ લંડન ગયો હતો, જ્યાં મેડિકલ રજિસ્ટ્રેશન માટે વધુ ૧૮૦૦ પાઉન્ડ પિયર પક્ષ મારફતે મંગાવ્યા હતા. પરિણીતા જ્યારે ડિપેન્ડન્ટ વિઝા પર લંડન પહોંચી ત્યારે પતિના મોબાઈલમાંથી અન્ય યુવતી સાથેની વાંધાજનક ચેટ મળી આવી હતી. આ બાબતે વિરોધ દર્શાવતાં પતિએ તેની સાથે મારઝૂડ કરી હતી. બાદમાં અમદાવાદ પરત ફર્યા પછી પણ સાસરિયાઓએ પરિણીતાનો સાથ આપવાના બદલે ત્રાસ ગુજારવાનું ચાલુ રાખ્યું હતું. આખરે કંટાળીને પરિણીતાએ પિયરમાં આશરો લીધો હતો અને પતિ સહિતના સાસરિયાઓ સામે ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

મુખ્યપ્રધાન અન્ય રાજ્યોના CM સાથે કરશે બેઠક

સી.આર. પાટીલે ગુજરાતને પાણીની ઘટ નહિ પડવાની ખાતરી આપી

મખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનો સાથે પાણી મુદ્દે બેઠક કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ગુજરાતમાં પાણીની વર્તમાન સ્થિતિ અને તેની આગામી ઉપલબ્ધતા અંગે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે પાણીની સમસ્યાના નિરાકરણ માટે મંગળવારે એક અંતિમ અને નિર્ણાયક બેઠક યોજાશે, જેના પર સમગ્ર રાજ્યની જનતાની નજર ટકેલી છે. આ નિર્ણય ગુજરાતના કૃષિ, ઉદ્યોગ અને પીવાના પાણીની જરૂરિયાતો માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

આ સાથે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે ગુજરાતને આ વર્ષે પાણીની કોઈ ઘટ નહીં પડે તેની ખાતરી આપી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અલનીનો જેવી કુદરતી પરિસ્થિતિઓને કારણે દેશના ઘણા ભાગોમાં પાણીની સમસ્યા વકરી છે, ત્યારે અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં પાણીની સ્થિતિ પ્રમાણમાં સારી છે. તેમ છતાં, રાજ્યને તેના હિસ્સાનું પૂરતું પાણી મળી રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે અને આ દિશામાં સક્રિય પ્રયાસો કરી રહી છે. શ્રી પાટીલે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને જીતુભાઈ વાઘાણી દ્વારા પાણીની ઘટ પૂરી કરવા માટે અન્ય રાજ્યો પર કરવામાં આવી રહેલા દબાણનો પણ ઉલ્લેખ કર્યો, જે દર્શાવે છે કે રાજ્ય સરકાર આ મુદ્દાને કેટલી ગંભીરતાથી લઈ રહી છે.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ મંગળવારે દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય બેઠકમાં ભાગ લેવાના છે. આ બેઠકમાં તેઓ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનો સાથે પાણીના મુદ્દે વિગતવાર ચર્ચા કરશે. આંતરરાજ્ય સહયોગ દ્વારા ગુજરાતને તેના નિર્ધારિત હિસ્સાનું પાણીનો જથ્થો નિયમિત રીતે મળી રહે તે માટે રજૂઆત કરવામાં આવશે. સી.આર. પાટીલે આ બેઠક દ્વારા ગુજરાતને ચોક્કસપણે પાણી મળશે તેવી અગાઉથી ખાતરી આપી છે, જે રાજ્યના લોકોને મોટી રાહત આપી શકે છે. આ બેઠક રાજ્યો વચ્ચે પાણીના વ્યવસ્થાપન અને વહેંચણી સંબંધિત લાંબા ગાળાના ઉકેલો શોધવામાં પણ મદદરૂપ થઈ શકે છે.

આ સંભવિત જળસંકટને પહોંચી વળવા માટે સરકારે જળ સંચય અભિયાનને પણ વધુ વેગ આપવાની તૈયારી દર્શાવી છે. આ અભિયાન અંતર્ગત વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભ જળ રિચાર્જ અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ પર ભાર મૂકવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવા સંકટનો સામનો કરી શકાય. સરકાર દ્વારા લેવામાં આવનારા આગામી પગલાંઓ શું હશે અને આ પ્રયાસોથી ગુજરાતને કેટલો ફાયદો થશે, તે તમામ પ્રશ્નોના ઉત્તર મંગળવારના નિર્ણય બાદ સ્પષ્ટ થશે. સમગ્ર ગુજરાતના નાગરિકો, ખાસ કરીને કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો, આ નિર્ણયની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. સરકારી સ્તરે થઈ રહેલા આ પ્રયાસો રાજ્યને પાણીની સમસ્યામાંથી રાહત અપાવવામાં મદદરૂપ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.